# પ્રેરણાદાયી
# મા શારદા



ડરો નહી ! જયારે તમે દુઃખમાં હો ત્યારે તમારી જાતને કહો
''મારે મા છે''

# પ્રેરણાદાયી મા શારદા

**લેખિકા :** ડો. લતા દેસાઈ

**પ્રથમ સંસ્કરણ : ૨૦૨૧**
૨૬ ઓકટો. ૨૦૨૧

**મૂલ્ય:**
પુસ્તકની કિંમત રાખી નથી.
વધુને વધુ લોકો વાંચીને માના જીવનમાંથી પ્રેરણા મેળવીને તેમનું જીવન શાંતિમય બનાવે તે જ તેનો હેતુ છે. જો કે વ્યકિત તેની ઈચ્છા પ્રમાણે ચેક દ્વારા અનુદાન મોકલી શકે છે.

**મુદ્રક :**
**લીપી ઓફસેટ,**
વરાછા પોલીસ ચોકી નજીક,
સુરત
ફોન નં. ૦૨૬૧–૨૫૬૩૬૫૬
E-mail: lipipublicityad@gmail.com

**પ્રકાશક / પ્રાપ્તિસ્થાન :**
**શારદા મહિલા વિકાસ સોસાયટી,**
**સેવા રૂરલ,**
**ઝઘડિયા–૩૯૩ ૧૧૦,**
**જિલ્લો : ભરૂચ**
**ફોન નં. ૦૨૬૪૫– ૨૨૦૮૧૧**
E-mail : sewarural@ymail.com; smvs1985@yahoo.co.in

# અર્પણ

જેઓ મા શારદાના સંદેશાઓમાંથી અને જીવન પ્રસંગોમાંથી પ્રેરણા લઈને શાંતિપૂર્ણ અને આનંદમય જીવન જીવવા આતુર છે

તે સૌને

# ઋણ સ્વીકાર

આ પુસ્તકને પ્રકાશિત કરવામાં શારદા મહિલા વિકાસ સોસાયટી પરિવારની બહેનોનો મુખ્ય ફાળો છે. તેઓએ દર વર્ષે ઉજવાતી મા શારદાની જન્મજયંતી જીવન પ્રસંગોમાંથી તેઓ શું શીખ્યા તેના વિશે પોતાના અનુભવોની વાત લખી આપી છે. રાજકોટ રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષશ્રી સ્વામી નિખિલેશ્વરાનંદના પ્રોત્સાહને પણ અગત્યનો ભાગ ભજવ્યો છે. આ પુસ્તકનું આમુખ લખી આપવા બદલ તેમના અમે ઋણી છીએ.

શારદા મહિલા વિકાસ સોસાયટી વતી,

**ડો. લતા દેસાઈ**

# આમુખ

મા શારદાના જીવન અને સંદેશામાંથી પ્રેરણા લઈને સંસ્થાએ મહિલા વિકાસ કાર્યક્રમના ૩૫ વર્ષ પૂરા કર્યા. સંસ્થા દર વર્ષે મા શારદાના જન્મજયંતી પ્રસંગે પૂ. માતાજી અને પૂ. સ્વામીજીના પ્રવચનો તથા નાટકો, વાર્તાલાપો, કવીઝ સ્પર્ધા વગેરે ઉજવે છે. બેનોએ મા શારદાના જીવન પ્રસંગોમાંથી શીખ મેળવીને પોતાના જીવનમાં, કૌટુંબિક સંબંધોમાં તેમના દાંમ્પત્ય જીવનમાં આવેલા પરિવર્તનો વિશે ખુલ્લે દિલે વાતો લખી છે. આ ઉપરાંત બહેનોમાં સુષુપ્ત રીતે છુપાયેલ નેતૃત્વશકિત, તેમજ તેમના ઉપર આચરાતા અત્યાચારો અને અન્યાયમાંથી કેવી રીતે રસ્તો કાઢીને બહાર આવ્યા તેને લગતી પોતાના અનુભવોની વાતો પણ લખી છે. આ અનુભવોનું ભાથુ ડો. લતાબેન દેસાઈ "પ્રેરણાદાયી મા શારદા" નામના પુસ્તક દ્વારા પ્રકાશિત કરી રહ્યા છે. આ પુસ્તકમાં સામાજિક કુરિવાજો સામે, લગ્ન તેમ જ કન્યા કેળવણી માટે લીધેલા ક્રાંતિકારી પગલા તેમજ વ્યાપક બનેલા માતૃભાવ જેવા ગુણોને ઉજાગર કરતાં પ્રસંગોને એક પુસ્તકરૂપે ઘાટ આપ્યો છે તેને હું હૃદયપૂર્વક આવકારું છું. આ અશાંત દુનિયામાં થોડી ઘણી શાંતિ અને આનંદ મેળવી શકાય એવી શ્રદ્ધા અને હૈયાધારણ આ પુસ્તક બક્ષે છે. ગુજરાતના લોકો મા શારદાના જીવન અને સંદેશથી અજાણ રહી ગયા છે. તે લોકોને આ પુસ્તકમાં લખાયેલ પ્રસંગો પ્રેરણા આપશે એવું મારું નિઃશંક માનવું છે. આ અભિનવ પ્રયોગને બીરદાવું છુ અને શ્રીરામકૃષ્ણદેવ, શ્રી શ્રીમા શારદાદેવી અને સ્વામી વિવેકાનંદની અવિરત કૃપાવૃષ્ટિ સૌ વાચકો પર થઈ રહે તેવી મારા અંતરની શુભેચ્છા પાઠવું છુ.

સ્વામી નિખિલેશ્વરાનંદ
અધ્યક્ષ
શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ

# પુસ્તક વિશે

મા શારદાના જીવન અને સંદેશાઓમાંથી પ્રેરણા લઈને મહિલા વિકાસ કાર્યક્રમ શરૂ કર્યાને સાલ ૨૦૨૦માં ૩૫ વર્ષ પૂરા થઈ ગયા. આ ૩૫ વર્ષ દરમ્યાન મા શારદાની જન્મજયંતી દિવસે ઉજવાતા પ્રસંગે થતી ચર્ચાઓ, વાર્તાલાપો, કવીઝ સ્પર્ધા, નૃત્યનાટિકા તો કયારેક પૂ. માતાજી અને પૂ.સ્વામીજીના પ્રવચનો દ્વારા તો કયારેક સ્થાપક ટ્રસ્ટીઓ સાથેની અંગત મુલાકાતો દરમ્યાન મા શારદાના જીવન પ્રસંગોમાંથી પ્રેરણા મળતી રહી છે. આ પુસ્તકમાં મા શારદાની પ્રેરણાથી અમે અમારા વ્યકિતગત જીવનમાં, અમારા ઘરની વ્યકિતઓમાં તેમજ સંસ્થામાં સાથે કામ કરતી વ્યકિતઓમાં કયા પરિવર્તન આવ્યા તેની વાતો કરીશું. માની શિખામણો અમને બધાને એક યા બીજી મુશ્કેલીઓમાં, શાંતિ જાળવવામાં, એકબીજાનું માન અને મન સાચવવામાં તેમજ અમારા વાણી, વર્તનમાં ફેરફારો લાવવામાં કેટલી સહાયરૂપ બની રહી છે તેની પણ વાતો કરી છે. મોટાભાગની બહેનો તો સંસ્થામાં જોડાતા પહેલા માત્ર પોતાનું ઘર ગૃહસ્થી અને બાળકોને જ સંભાળતી હતી. તેઓએ....

- માતૃભાવને વ્યાપક બનાવીને બીજાના બાળકોની મા બનીને તો કયારેક વખોડાઈ ચુકેલા સાસુ વહુના સંબંધોને મા–દીકરીના સંબંધોમાં પરિવર્તિત કરીને.
- નવીનવી માહિતી અને જાણકારી મેળવીને અદ્ભુત નેતૃત્વની જવાબદારી સંભાળીને.
- તો કેટલીક બહેનોએ ક્રાંતિકારી બનીને સામાજીક અત્યાચારો, ઘરેલું હિંસા તેમજ હાનિકારક જડ રીતિરિવાજોને તિલાંજલી આપીને.
- કેટલીક બહેનોએ દાંમ્પત્ય જીવનમાં સુધારાઓ કરીને....
- તો કેટલીક બહેનોએ લગ્ન કર્યા બાદ પણ સ્વસુર ઘરની સાથે સાથે પિતૃ ઘરની જવાબદારી નિભાવીને પારિવારિક સંબંધોમાં શાંતિ પ્રસ્થાપિત કરીને તો કેટલીક દીકરીઓએ મા–બાપ તરીકેની જવાબદારી પૂરી પાડીને.

- કેટલાકે પોતાનો ગુસ્સાવાળો સ્વભાવ, તો કેટલાકનો સત્યવાદી તેમ જ સ્પષ્ટ વકતા બનીને કડક ભાષા તો કયારે કટુ વાણી વાપરીને દુઃખ પહોચાડતા હતા. તેઓએ પોતાના સ્વભાવમાં નાના મોટા ફેરફારો કર્યા છે તેની લગતી વાતો આ પુસ્તકમાં લખી છે.

આવા બધા ફેરફારોની સાથે સાથે હજુ ઘણું બધું કરવાનું બાકી છે ઘણા બધા ટૂંકા પડીએ છીએ તેનો અહેસાસ થતો રહે છે. માર્ગ ખૂબ દૂર અને વિકટ પણ છે. શ્રધ્ધા છે કે માની કૃપાથી ધીરે ધીરે મંઝીલ તરફ પગલા માંડી શકીશું.

આ પુસ્તકમાં રજુ થયેલ કેસસ્ટડીઓમાં અમુક વ્યકિતના પોતાના જ નામ, તો અમુક વ્યકિતના નામ બદલ્યા છે. વાંચવામાં સરળતા રહે તે માટે જરૂરી સુધારાવધારા કરવા પડયા છે. આ પુસ્તકના પ્રકાશનમાં ઘણી બધી વ્યકિતઓનો ફાળો છે. આ કેસસ્ટડીમાં ઉત્સાહપૂર્વક રસ લેનાર નેહાબેન પરીખ અને જાગૃતિબેન શાહનો તેમજ આ પુસ્તકની હસ્તપ્રતમાં સુધારા કરવા માટે અંકલેશ્વરની સંસ્કારદીપ વિદ્યાલયના ડાયરેકટર શ્રીમતી સુધાબેન વડગામાનો આભાર માનું છું.

આમુખ લખી આપવા બદલ રાજકોટ રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજીની આભારી છું. આ પુસ્તકના છાપકામ કરવા માટે "લીપી ઓફસેટ" પ્રિન્ટરીનો અને આ હસ્તપ્રતને ટાઈપ કરી આપવા બદલ રમેશ ગોસ્વામીની આભારી છું.

ડો. લતાબેન દેસાઈ
અધ્યક્ષા
શારદા મહિલા વિકાસ સોસાયટી
અને સેવા રૂરલ

# અનુક્રમણિકા


**૧. મા ના સંદેશામાંથી... ૧**
- કોઈના દોષ જોવા નહિ ૨
- "જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ... ૪
- જીવીએ ત્યાં સુધી શીખીએ ૫
- દુઃખ એ ઈશ્વરની ભેટ છે ૬
- મુસીબતો તો જીવનમાં આવતી જ રહેશે પણ તે કાયમ રહેતી નથી ૭
- કોઈપણ માણસ સદાને માટે દુઃખી હોઈ શકે નહી ૯
- સામા માણસની લાગણી દુભાઈ તેવું અપ્રિય સત્ય પણ ઉચ્ચારવું નહી ૧૦
- ગૃહસ્થનું ઘર ભગવાનનું છે... ૧૧
- નાનામાં નાનું કાર્ય પણ પૂજાના ભાવથી થવુ જોઈએ ૧૨
- સહિષ્ણુતા સમાન બીજો ગુણ નથી ૧૩

**૨. માના વ્યાપક માતૃભાવમાંથી.... ૧૪**
- પરિવારની બહેનોનો માતૃભાવ ૧૪
- મારી બહેનો પાસેથી મને માની હૂંફ મળી.... ૧૫

**૩. માના અદ્‌ભુત નેતૃત્વમાંથી... ૧૬**
- મેં જાહેરસભાને સંબોધી ૧૬
- હાશ અમે દેવાના વિષચક્રમાંથી છૂટયા ૧૭

**૪. માના આધ્યાત્મિક દ્રષ્ટિકોણમાંથી ૧૮**
- મૂલ્ય આધારિત કામો થઈ શકે છે. ૧૮
- હું લલચાઈ નહી ૧૯

**૫. માના અનોખા દાંમ્પત્ય જીવનમાંથી ૨૦**
- અમને મળી એકબીજાની હુંફ અને સહકાર... ૨૦
- જીવનયાત્રાની સફળતા માટે માલિકીવૃત્તિ નહી પણ જરૂર છે પરસ્પર પ્રેમ, વિશ્વાસ અને સહકાર ૨૧
- દાંમ્પત્ય જીવનની સ્વસ્થતા માટે ભણતર કરતા ઘડતરની વધુ જરૂર છે. ૨૨

**૬. માએ નિભાવેલ પારિવારિક સંબંધોમાંથી... ૨૪**
- મે પરિવારની જવાબદારી લીધી ૨૪
- અમારા પરિવારની શાંતિ ૨૫
- કુટુંબમાં મારું માન વધ્યું ૨૬

**૭. શકિતસ્વરૂપા મા શારદાના જીવનમાંથી....** ૨૭
- અમે અમારા બાળકો માટે ધારીએ તે લાવી શકીએ... ૨૭
- બેંકમાંથી પૈસા લેવા છે સહી કરીને, અંગુઠો પાડીને નહી... ૨૮
- અભણ બેનો પોતાનું અને પતિનું નામ લખતી થઈ ગઈ ૨૮
- b અમે અભણ બહેનો કેલ્કયુલેટર વાપરીને..... ૨૯

**૮. ઘરેલું હિંસા વખતે માએ કરેલા સામનામાંથી શીખીને** ૩૦
- ચાલો કોઠાસૂઝ વાપરીને જાતીય સતામણીનો સામનો કરીએ ૩૦
- હું જાણીતા નરાધમની ચુગાલમાંથી બચી ગઈ ૩૧

**૯. કૌશલ્ય કેળવણીના હિમાયતી મા શારદાના જીવનમાંથી** ૩૨
- પોતે સુખી થઈએ અને બીજાને સુખી કરીએ ૩૩
- ઓછું ભણેલી દીકરીઓ પણ સીવણની તાલીમ લઈને કુટુંબનો મોભ બની ગઈ. ૩૫

**૧૦. માના ક્રાંતિકારી જીવનમાંથી....** ૩૭
- હું વિધવાબેન, મારી દિકરીના મા અને બાપ બંને બની ગઈ ૩૮
- મારા બાળકોને મેં બાપની ખોટ પડવા ન દીધી ૩૯
- કન્યા કેળવણી—મને દીકરીને ગરીબોની સેવા કરવાની તક મળી૪૦

**૧૧. કર્મયોગી માના જીવનમાંથી** ૪૧
- નાનામાં નાનુ કે મોટું કામ ભગવાનની પૂજા છે... ૪૧
- નિયમો પ્રમાણે શિસ્તપાલન કરાવીને—વ્યાજ સહિત પૈસા ભરાવીને ઝંપ્યા... ૪૨

**૧૨. આર્થિક રીતે સ્વાવલંબી માના જીવનમાંથી** ૪૩
- અમે ગરીબ બહેનો સ્વાવલંબી બન્યા... ૪૩

**૧૩. અભણ માએ બિરદાવેલ વૈજ્ઞાનિક શોધોને આધારે** ૪૬
- અમે બહેનોએ એકલા એ કર્યો મુંબઈનો પ્રવાસ ૪૬
- મને ભાન થયુ દીકરીઓને જન્મ આપવા માટે હું ગુનેગાર નથી ૪૭

# ૧. મા ના સંદેશામાંથી

મા શારદા પાસે ઘણાં ભાઈ–બહેનો પોતાના કુટુંબમાં કે સમાજ જીવનમાં નડતી મુશ્કેલીઓ અને પડતાં દુઃખોમાંથી છુટકારો મેળવવા આવતા. મા શારદા તેમની ઘરેલું ભાષામાં આ મુશ્કેલીઓ કેવી રીતે ઓછી થઈ શકે અને દુઃખો પણ હળવા બની શકે તે માટે વાર્તાલાપો કરતાં. આ વાર્તાલાપો દ્વારા જાણે કે મા શારદા આપણને બધાને જ સંદેશાઓ આપી રહ્યા હોય તેવો અનુભવ થાય છે. તેમના આ સંદેશાઓને આત્મસાત્ કર્યા હોય તેવી કેટલીક વ્યકિતઓએ તેમના જીવનમાં અનુભવેલી સત્ય ઘટનાઓ અહીં પ્રસ્તુત કરી રહ્યા છીએ.

- "જો તમારે માનસિક શાંતિ જોઈતી હોય તો,
  કોઈના દોષ જોવા નહીં,
  તેથી ઊલટું તમારા જ દોષ જોતાં શીખો.
  જગતને પોતાનું બનાવતાં શીખો.
  બેટા, કોઈ પારકું નથી, જગત તમારું છે."
- "જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ,
  ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે"
- જીવીએ ત્યાં સુધી શીખીએ
- દુઃખ એ ઈશ્વરની ભેટ છે
- મુસીબતો જીવનમાં આવતી રહેશે પણ એ કાયમ રહેતી નથી.....
  નદી ઉપર બાંધેલા પુલની નીચે પાણીની જેમ તે પણ પસાર થઈ જશે.
- કોઈપણ માણસ સદાને માટે દુઃખી હોઈ શકે નહી
- સામા માણસની લાગણી દુભાય તેવું અપ્રિય સત્ય પણ ઉચ્ચારવું નહી
- ગૃહસ્થનું ઘર ભગવાનનું છે....
- નાનામાં નાનું કાર્ય પણ પૂજાના ભાવથી થવુ જોઈએ.
- સહિષ્ણુતા સમાન બીજો ગુણ નથી

# કોઈના દોષ જોવા નહિ

**મારું નામ સરોજબેન.** હું સંસ્થામાં ૧૫ વર્ષથી કામ કરું છું. આ વર્ષે માની જન્મજયંતીની ઉજવણી પ્રસંગે ગૃપચર્ચા વખતે શ્રીમા શારદાનો આ અંતિમ સંદેશ કે જે તેમને તેમના સમાધીના એક અઠવાડિયા પહેલા તેમની શિષ્યા અન્નપૂર્ણાની માને કહેલો, તેના પર ચિંતન– મનન કરવાનો મને અવસર મળ્યો.

**"જો તમારે માનસિક શાંતિ જોઈતી હોય તો,**
**બીજા કોઈના દોષ જોવા નહીં,**
**તેથી ઊલટું તમારા જ દોષ જોતાં શીખો.**
**જગતને પોતાનું બનાવતાં શીખો.**
**બેટા, કોઈ પારકું નથી, જગત તમારું છે."**

મા શારદા

ત્યારબાદ થોડા જ વખતમાં આ સંદેશનો સ્વાનુભવ થયો તે વાંચીએ.

એક દિવસ મારી તબિયત થોડી બગડી. ડોકટર અમારી સોસાયટીમાં જ રહેતા હોવાથી રાત્રે લગભગ ૮–૦૦ વાગ્યે હું એમના ઘરે ગઈ. મેં જઈને મારી તકલીફની વાત શરૂ કરી. મારી વાત સાંભળતાં પહેલાં જ ડોકટર એકદમ ગુસ્સે થઈ ગયા. એમનો ગુસ્સો જોઈ હું પાછી ફરી. પહેલાં તો જયારે આવું બનતું ત્યારે હું હંમેશા સામેવાળી વ્યકિતનો જ દોષ જોતી, બળાપો કાઢતી અને દુઃખી દુઃખી થઈ જતી. પરંતુ આ બનાવે પહેલી જ વાર મને બે વિચાર આવ્યા. આ આખી ઘટનામાં મારાથી કોઈ ભૂલ થઈ છે? મોડી રાત્રે સામાન્ય બિમારી માટે મારે ડોકટર પાસે જવું બરાબર હતું? ડોકટરની જગ્યાએ હું હોત તો શું કરત? મારાં વાણી વર્તન કેવાં હોત?


વિચાર કરતાં મને સમજાયું કે આ ડોકટર પાસે સારવાર લેવા આવતાં દર્દીઓની સંખ્યા ખૂબ જ હોય અને ડોકટર પણ ખાવા–પીવા કે સમયનું ધ્યાન રાખ્યા વગર મોડે સુધી કામ કરતાં હોય છે. આખા દિવસના થાકેલા ડોકટર હજી ઘરે પહોંચી નિરાંતનો શ્વાસ લેતા હોય ત્યાં મારે મારી સામાન્ય બિમારી માટે રાત્રે એમની સંમતિ લીધા વગર સારવાર માટે પહોંચી જવું શું યોગ્ય હતું? વિચાર કરતાં મને મારો જ વાંક જણાયો અને મારી ભૂલની માફી માંગવાનુ મન થયું.

અને વિચારમાંને વિચારમાં હું ઘરે પહોંચી અને ત્યાંજ ટેલિફોનની રીંગ વાગી અને એ જ ડોકટરનો અવાજ હતો. "તારા દુઃખાવા માટે મેં ગોળી શોધી રાખીછે અને મારા ટેબલ પર મૂકીછે..." આ સાંભળી હું તરત જ તેમના ઘરે ગઈ અને મારી ભૂલની માફી માંગી. તેજ વખતે ડોકટર સાહેબે પણ ખૂબ જ પ્રેમથી મને કહ્યું, "હવે હું તારા પર ગુસ્સો નહીકરું. તું ગમે ત્યારે બતાવવા આવી શકે છે."

આ અનુભવ પરથી મા શારદાના અંતિમ સંદેશ પરની મારી શ્રધ્ધા વધારે દ્રઢ બની અને મને સમજાયું કે આવી અણબનાવની ઘટનાઓ બને ત્યારે બીજા સામે આંગળી ચીધીને સામાનો દોષ જોતાં પહેલાં જો પોતાની અંદર ડોકિયું કરીએ ત્યારે સામે વ્યકિતની જગ્યાએ આપણી જાતને મૂકીને વિચારીએ ત્યારે ખરેખર આપણને આપણી ભૂલો દેખાયછે.

સામા પક્ષને માફી આપવાનું મન થાયછે અને માફી માગીને હળવા બનીએ તો સામાપક્ષેથી પણ એનો પ્રતિસાદ મળતો હોયછે. બન્ને પક્ષે હળવાશ અને શાંતિનો અનુભવ થાય છે.

તો ચાલો.... આપણે બધાં પણ આવા અનુભવ કરતા રહીને મનને શાંતિ મેળવવા અને આપવાના પ્રયત્ન કરતાં રહીએ.



# "જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે"

**મારું નામ ફરીદાબહેન શેખ.** આ વખતે મા શારદાની જન્મજયંતીની ઉજવણી પ્રસંગે માના જીવન અને સંદેશમાંથી શું શીખ્યા તેની વાત કરવાની હતી. ત્યારે ઓછાબોલા એવા ફરીદાબહેને ઊભા થઈને પૂ. શારદા માના સંદેશને "જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે" ટાંકીને પોતાના જીવનમાં થયેલ અનુભવ્યો કહ્યો.

સંસ્થામાંથી દર વર્ષે પાપડ, નાસ્તા અને ગારમેન્ટ વિભાગમાં કામ કરતી સહયોગી બહેનો પ્રવાસે જાય. આ વખતે પણ શ્રીનાથજી, પુષ્કર, અજમેર, ડાકોર વગેરે સ્થળોએ જવાનું નકકી થયુ. બધાનો પ્રવાસમાં જવાનો ખૂબ ઉત્સાહ પરંતુ આ વર્ષે પાપડના ઓર્ડરને પહોંચી વળવા પૂરતો સ્ટોક નહોતો. એટલે ઉત્પાદન ચાલુ રાખવાનો બધાએ નિર્ણય કર્યો. પરંતુ ઉત્પાદન ચાલુ રાખવું હોય તો લોટ બાંધવાનુ, બે ગામમાં લોટ પહોંચાડવાનું, પેકીગ, ઉપરાંત હોસ્પિટલમાં સુવાવડી માતાઓ માટે અને વિજીટીકેના વિદ્યાર્થીઓને નાસ્તો પહોંચાડવાની અને વેચાણ કેન્દ્રની જવાબદારી કોણ સંભાળશે એ સવાલ ઊભો થયો. ત્યારે બધા સ્ટાફનો પ્રવાસમાં જવાનો ઉત્સાહ એટલો બધો કે બધા ચૂપ થઈ ગયા. મે કહ્યું આ બધી જવાબદારીઓ હું સંભાળીશ અને આમ મેં અને બીજા એક સ્ટાફે આ ચાર–પાંચ સ્ટાફની જવાબદારી લીધી અને બધાને પ્રવાસમાં મોકલ્યા.

પ્રવાસેથી પાછા આવ્યા પછી પ્રવાસના પ્રતિભાવો લેવા એક મિટીંગ રાખી જેમાં બધાએ પ્રવાસમાં કયાં કયાં ફર્યા, શું જોયુ અને કેવી મઝા કરી તેની બધી વાતો કરી અને ખાસ તો બધાએ કહ્યું કે આ પ્રવાસમાં અમે બધા આટલા આનંદથી ફરી શકયા તેનો યશ ફરીદાબહેને જ આપવો ઘટે એમણે વિવિધ જવાબદારીઓને સંભાળી આથી આપણે બધા એક સાથે આ પ્રવાસનો આનંદ માણી શકયા.


આમ સ્ટાફના બધા ભાઈ–બહેનોએ પ્રવાસનો આટલો બધો આનંદ મેળવ્યો હતો એ સાંભળી પહેલા તો મને પ્રવાસમા ન જવાનો વસવસો રહી ગયેલો પણ બધાએ મને યશ આપ્યો એથી એ ગાયબ થઈ ગયો. મને અત્યાર સુધી ગમતાં મા શારદાના વાકયનો અહેસાસ થયો અને **"જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ, ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે"** કંઈક અંશે મેં પણ મારા જીવનમાં આ સંદેશ ઊતાર્યાનો આનંદ પણ થયો.

# જીવીએ ત્યાં સુધી શીખીએ

**મારું નામ ગીતાબેન**. હું MSW ભણી. મારી કોલેજનો છેલ્લો દિવસ હતો. હું અને મારા મિત્રો ચર્ચા કરતા બેઠા હતા. મેં કહ્યું, "હું સેવા રૂરલમાં નોકરી કરવા જાઉં છું." મિત્રોના તરત પ્રતિભાવ હતો, "સારી સંસ્થા છે તને મજા આવશે." તેઓની આ વાત આજે સાચી ઠરી છે. આ હતી મારી વ્યવસાયિક કારકીર્દીની શરૂઆત. સેવા રૂરલમાં જોડાયા બાદ જુદા જુદા વિભાગમાં કામ કર્યું.

સંસ્થાના પ્રકાશિત થતા ત્રિ–માસિક 'શારદા સુવાસ'માં "જીવીએ ત્યાં સુધી શીખીએ."આ વાકય વાંચેલું આ વાકયથી મને ઘણી પ્રેરણા મળી છે. આજે પણ કંઈક નવું શીખવાની પ્રેરણા મને મળી રહી છે. શારદામાંના જીવનના આ ઉપદેશ અંગેની ગ્રુપચર્ચામાં મને સહભાગી થવાનું સૌભાગ્ય મળ્યું ચર્ચામાં ભાગ લીધા બાદ મારા કુટુંબ જીવનમાં અને વ્યવસાયિક ક્ષેત્રમાં આ ઉપદેશને કારણે મારા સંબંધો બગડતા અટકયા છે અને કયાંક સંબંધો સુધરતા હોય એવું પણ અનુભવું છું.

આ જયારે લખી રહી છું, ત્યારે થોડું લાગ્યુ કે બહુ મોટી મોટી વાતો તો નથી કરીને ? પણ જાત સાથે વાત કરી તો લાગ્યુ કે થોડો ફેર મારા જીવનમાં આવતો હોય એવો આત્મવિશ્વાસ હું ચોક્કસ કેળવી શકી છું.



# દુઃખ એ ઈશ્વરની ભેટ છે

**મારું નામ મીના.** હું ઝઘડિયા ગામના એક ગરીબ કુટુંબની દીકરી છું. પરિસ્થિતિ એવી કે માંડ ૯માં ધોરણ સુધી ઝઘડિયાની શાળામાં ભણી શકી. ઘરની પરિસ્થિતિ એવી કે આગળ તો ના ભણી શકી પરંતુ એક ઘરે ઘરકામ કરવામાં જોડાવાનું થયું. પાછળથી રસોઈ કરવાનું પણ શરૂ કર્યું. આમ મારી પરિસ્થિતિ વિકટ હતી. પરંતુ મારામાં સ્વભાવથી ખંત, ચીવટાઈ અને મહેનત કરવાનાં ગુણ હતા. મારા આવા ગુણોને મારા બહેને ઓળખીને મને પ્રોત્સાહન આપ્યુ.

પ્રોત્સાહન મળતા ઘરના કામ સાથે મારું ભણવાનું, જે અટકી ગયું હતું, તે શરૂ કર્યું. કામ સાથે શાળાએ જવું, વાંચવું, પરીક્ષાની તૈયારી એ બધુ ભારે તો લાગતુ, પણ મારો સ્વભાવ મને મદદરૂપ થયો. તમે માનશો નહી પણ મેં બધા કામો વચ્ચે ધોરણ ૧૦, ૧૨ અને છેવટે રોજબરોજ ભરૂચ જઈ ત્યાંની કોલેજમાં બી. એ. કર્યું. મારી ખુશીનો પાર ના રહ્યો. પરંતુ ઘરનાને ચિંતા કે આ છોકરી આટલુ ભણી છે તો આપણી જ્ઞાતિમાં એને લાયક ભણેલો છોકરો મળશે? સદ્નસીબે એ પણ થયું અને હું સાસરે ગઈ. મારા સાસરામાં હજામનો ધંધો, જુનવાણી ઘર, મારી નોકરી ઝઘડીયામાં, મારા સાસરી પક્ષવાળા એમના દીકરાને મારી સાથે રહેવા દેવા માટે રાજી નહી. એમને એમ લાગે કે મારો દીકરો ઘરજમાઈ થઈ જશે. પણ થોડા સમય બાદ મારા પતિને પણ ઝઘડીયામાં જ નોકરી મળી ગઈ.

મારે બે બાળકો છે. દીકરો ટેક્ષ્ટાઈલ એન્જિનીયર થઈ ગયો અને દીકરી પણ બી.એસ.સી. થઈ જશે. સંસ્થાના જ કવાટર્સમાં અમે બે ... અમારા બે એમ નાનું કુટુંબ રહીએ છીએ. અમે સુખી છીએ પરંતુ વધારે અગત્યનું મારા માટે મને ખૂબ આનંદ અને ગૌરવ છે. માએ કહ્યું છે તે પ્રમાણે **શરૂઆતમાં પડેલું દુઃખ મારા માટે ઈશ્વરની ભેટ જ બની રહ્યું.**

## મુસીબતો તો જીવનમાં આવતી જ રહેશે પણ તે કાયમ રહેતી નથી. નદી ઉપર બાંધેલા પુલની નીચેથી વહેતા પાણીની જેમ ચાલ જશે......

**મારું નામ શીલા.** એક દિવસ અમારી મિટિંગ પૂજ્ય વડીલબેન સાથે થઈ. મિટિંગ પૂરી થતા. તેમણે અમને બધાને પૂછયું હવે કોઈને કોઈ પ્રશ્ન છે ? એટલે મેં હિંમત કરી અને કહ્યું. મારે વાત કરવી છે. બપોરના ૧–૩૦ વાગ્યા હતા. રિશેષનો ટાઈમ હતો. તો પણ એમણે મારી આખી આપવીતી ઉતાવળ કર્યા વગર શાંતિથી સાંભળી, હું રડતી જાઉં અને પૂજ્ય વડીલ બેનને વાત કરતી જાઉં. ''મા–બાપ નથી તો કાંઈ નહિ, અમે તમારા મા–બાપ જેવા જ છીએ. હવેથી તું મારી દીકરી છે અને કોઈપણ કામ કે પ્રશ્ન હોય તો તુ મને વાત કરજે અને એમણે એક 'મા' ને શોભે તેવુ સ્થાન લીધુ. મને સમજાવ્યુ કે હવે પછી કયારેય આપઘાત કરવાનો વિચાર સુધ્ધા મનમાં લાવતી નહી. જેમ પુલ નીચેથી પાણી વહેતુ જાય છે. તેમ આ દિવસો પૂરા થઈ જશે જિંદગી છે. સુખ દુઃખ, તડકા અને છાંયડા આવતા રહેશે. એ જ તો કુદરતનો નિયમ છે. મુશ્કેલીઓથી હિંમત હારવી નહિ. આવે સમયે ભગવાનને યાદ કરવા જોઈએ.

**મારું નામ સરલા.** મારા લગ્ન થયા બાદ થોડા મહિનાઓ સુધી સારુ રહ્યુ. અમારા પરિવારમાં અમે નવ દસ સભ્યો. મારા પતિ બીજે ગામમાં ડી. જી. ઓપરેટર તરીકે ફરજ બજાવતા. સવારે આઠ વાગ્યે જતા અને સાંજે પાંચ વાગ્યે આવી જતા. મારા ઘરનું વાતાવરણ સાસરિયાના ઘર કરતા તદ્દન જુદુજ હતું. ઘરમાં દારૂનું વ્યસન પણ એટલું જ હતું. આખો દિવસ કંકાસ ચાલ્યા જ કરતો, કોઈકવાર રસોઈને લઈને તો કોઈકવાર ઘરના કામો, તો કોઈક દિવસ હેમાનોની અવરજવરને લઈને નાની નાની બાબતો પર નાના મોટા ઝઘડા ચાલ્યા જ કરતા. સેવા રૂરલમાં નોકરી માટે મેં અરજી કરી પણ નોકરી એમ થોડી જલ્દી મળી જાય. પછી હું રડતી રહેતી અને મારા નસીબને દોષ દેતી અને વિચારતી કે આ તો કાંઈ મારી જંદગી છે. કંટાળીને આપઘાત કરવાના વિચારો આવતા અને રસ્તા શોધતી. એક દિવસ મારા પતિ જયાં નોકરી કરતા હતા એ ડી.જી. નો અકસ્માત થયો અને ડી. જે. ફરીથી ચાલુ થઈ શકયું નહિ.

પતિને નોકરીમાંથી છૂટા થવું પડયું. આર્થિક પરિસ્થિતિ સારી નહી, તેમાંય વળી વરને નોકરી જાય. મુશ્કેલીઓનો તો પાર નહી. અમે બંને લડતા, સાસુ આખો દિવસ બબડાટ કરતી રહે. હવે તો એવો વિચાર આવતો કે પિયરમાં જતી રહું પણ પાછો બીજો એક વિચાર આવતો કે પિયરમાં "મા–બાપ" તો નથી. ભાઈ–ભાભી કયાં સુધી રાખશે ? એમને હું જઈશ તો ગમશે ? એવા વિચારો આવતા, આ બધું છોડી દેતા છેલ્લે એક બીજો વિચાર એવો આવ્યો કે આપઘાત જ કરી નાંખું તો આ બધાથી છૂટકારો મળી જાય.

એવામાં સેવા રૂરલમાંથી સંદેશો આવ્યો કે તમારું ઈન્ટરવ્યુ છે તમે આવજો. હું ઈન્ટરવ્યુમાં ગઈ. અને મારી પસંદગી પણ થઈ ગઈ...અને અમે ઝઘડીયા ગામમાં રહેવા આવી ગયા.

વડીલ બેનના સમજાવ્યા પછી કદીય હું આપઘાત કરવાનો વિચારો મનમાં લાવતી નથી અને એમના સાંનિધ્યમાં રહેવાનો મને ગર્વ છે. હવે મને એમ થાય છેકે ખરેખર "મા" છે. હું હવે કોઈ બહેન મળે અને એની મુશ્કેલીઓની વાત કરે અને કહે કે મારે આપઘાત કરવું છે. તો હું એમને સમજાવતી જેમ મને પૂ. વડીલબહેને સમજાવ્યું હતુ તેમ ગમે તેની પરિસ્થિતિ આવે તો પણ આપઘાત કરવો જોઈએ નહિ. આપણે મરવાનો વિચાર આવે અને મરી જઈએ, પણ આપણા ગયા પછી આપણા જીવ કરતા પણ વહાલા એવા બાળકોનો વિચાર કરવો જોઈએ. એવી શિખામણ, અને પ્રેમ આપવાનો બનતો પ્રયત્ન હું કરી રહી છું.

# કોઈપણ માણસ સદાને માટે દુઃખી હોઈ શકે નહીં

**મારું નામ ચારું.** હું પાપડ વિભાગમાં કામ કરતી હતી. કોઈપણ માણસ સદાને માટે દુઃખી હોઈ શકે નહી. મા શારદાના જન્મજયંતીની ઉજવણી વખતે મા નો આ ઉપદેશ સાંભળેલો પણ તેના ઉપર વિશ્વાસ નહોતો બેસતોપણ એક વખત એકાંતમાં મારા પાછલા જીવન વિષે વિચારતા...આ વાત સાચી લાગે છે.

હું પાપડ વિભાગમાં કામ કરતી હતી. આમ તો બધુ બરાબર ચાલતું હતું પણ અચાનક અમારા ઉપર આફત આવી ગઈ. અત્યાર સુધી જે બહેન પાપડનું કામ સંભાળતાં હતાં તેમનું અચાનક અકસ્માતમાં મૃત્યું થઈ ગયું. તેમની જગ્યાએ નવા બહેને આ કામ સંભાળવાનું શરૂ કર્યું. અમારા નવા બહેન કડક સ્વભાવના. નવા બહેનની કામ કરવાની પધ્ધતિ અલગ, સ્વભાવ અલગ, કામમાં ફેરફાર, સ્ટાફની ફેરબદલી વિગેરે કારણોસર મુશ્કેલી પડતી. મારાથી બનતું બધુ કરવાનો પ્રયત્ન કરતી. અમારી મીટીગો થાય એમાં બધી ચર્ચા થતી. એમાં હું સૌથી જુની હોવાને લીધે નવા બહેનની સાથે ગોઠવાવું એ મારી જવાબદારી છે, એવું બધાને લાગતું. થોડા સમય માટે નિરાશ પણ થઈ જતી, પણ સંસ્થાના વડા ઉપર ખૂબ શ્રધ્ધા હોવાથી અને મા શારદાના જીવનનો એક સંદેશ "કોઈપણ માણસ સદાને માટે દુઃખી હોઈ શકે નહી" યાદ કરીને તરત સ્વસ્થ થઈ જતી.

સહયોગી બહેનો સાથે મિટીગોમાં વાંચન દ્વારા આ સંદેશો પહોંચાડવા દિલથી કામ કરું છું. હજી આ રસ્તે વધારે મજબૂત બનવા આધ્યાત્મિક માર્ગ અપનાવવાની શરૂઆત તરફ જઈ રહી છું. હવે મને સારુ લાગે છે અને હજી વધુ રસ્તાઓ મળશે એવી આશા છે. આજે પણ સહયોગી બહેનો સાથે મિટીગમાં વાંચન દ્વારા આવનારી ક્ષણો સુખમય છે તેવા ભાવ જગાવી મન લગાવી કાર્ય કર્યા કરુ છું. હું આધ્યાત્મિકતા તરફ વળી રહી છું. જેથી મને ખરેખર સારું લાગે છે. જીવનનું સત્ય સમજાય છે કે હજી વધુ સારા રસ્તાઓ ખુલી રહ્યા છે તેવી આશા બળવત્તર બની છે.

## સામા માણસની લાગણી દુભાઈ તેવું અપ્રિય સત્ય પણ ઉચ્ચારવું નહી

હું શારદા મહિલા વિકાસ સોસાયટીની કાર્યકર્તા બહેન છું. મારામાં રહેલા ખંત, ચીવટાઈ જેવા ગુણોને લીધે મને પાપડ કાર્યક્રમમાં પ્રોગ્રામની ઈન્ચાર્જ બનાવાઈ. મારો સ્વભાવ થોડો ચીકણો, મને લાગે તે તુરત સામેવાળાના મોઢા પર કહી દંઉ. પણ સાથે સાથે હું વધારે પડતી સંવેદનશીલ પણ ખરી. મારા બોલવાથી બીજાને મન દુઃખ થાય તેમ કોઈ મને કંઈ કહે તો મને પણ તુરત માઠુ લાગી જતુ. હવે સંસ્થાનું પ્રોત્સાહજનક વાતાવરણ મળતા મારામાં અનેરો ફેરફાર આવ્યો છે. સંસ્થામા કામ કરતાં કરતાં મને અને મારા કુટુંબને આધ્યાત્મિક દિશામાં પ્રગતિ કરવાની તક મળી.

હું શીખી કે હું બધા જ લોકોને સુધારી શકવાની નથી. પણ મારામાં શું નબળાઈઓ અને મર્યાદાઓ છે તે જોવાનું અને તેને સુધારવા માટે પ્રયત્ન તો કરી શકાય. મારા સ્પષ્ટ વકતા સ્વભાવને લીધે ઘણીવાર બીજાને દુઃખ પહોચાડતી હતી. તેમાં થોડો ઘણો સુધારો થયો હોય એવું મને લાગે છે.

મા શારદાની જન્મજયંતી વખતે સાંભળેલા, વાંચેલા અને થતાં વાર્તાલાપોથી મને અંદરથી શાંતિ મળવા લાગી. મા શારદાએ ગુલાબ માને કહેલું કે, "સામા માણસની લાગણી દુભાય તેવું અપ્રિય સત્ય પણ ઉચ્ચારવું નહી." માની આ શીખને હું વારંવાર યાદ કરતી રહું છું. હવે પહેલા કરતાં મને શાંતિથી કામ કરવાની પ્રેરણા પણ મળતી રહે છે. **સાચી વાત પણ અપ્રિય હોય તો બોલવી નહિ** એનું હું બને તેટલું ધ્યાન રાખું છું.


# ગૃહસ્થનું ઘર ભગવાનનું છે.....

**મારું નામ જયોતિ.** હું સેવા રૂરલના કેમ્પસમાં રહું છું. મા શારદાની જન્મજયંતીની ઉજવણીમાં પણ ભાગ લઉં છું. મા શારદા કહે છે તેમ ઘર ભગવાનનું છે. માટે જે કંઈ કર્મોમાં એને આપણને નાંખ્યા હોય તે કર્મ પ્રભુ પર પૂર્ણ આધાર સાથે, ઉત્તમ રીતે કરવું, એ વાકય યાદ કરતી રહું છું.

અમે એક સામાન્ય કુટુંબમાં જીવન જીવતા ગૃહસ્થ અને આર્થિક પરિસ્થિતિ સામાન્ય હોવાથી કરકસરથી જીવન પસાર કરતાં પણ જયારે અતિથિ આવે તો સારું જમણ જમાડીએ અને પછી કરકસર કરી લેવાની આવડત ભગવાને મૂકેલી તેથી કોઈ તકલીફ ન પડતી.

કયારેક જમવાનું બની જાય અને મહેમાન આવે તો અમે કહેતા કે અમે જમી લીધું છે જુઓ ખાવાનું છે જ ને ! તેમ કહી જમાડતા અને પછી અમે બીજું કંઈ જમી લેતા. કયારેક તો એવું બનવા લાગ્યું કે માની કૃપાથી અનેક સાધુ સન્યાસી તેમજ અનેક અતિથિ આવતા ગયા અને જમતા ગયા. કયારેય તકલીફ નથી પડી.

આખા વર્ષમાં જેટલુ અનાજ ભરીએ તેટલું જ ભરીએ છતાં અનેક વ્યકિત જમે તો પણ ઘટતું નથી. કયારેક થાય કે આટલામાંથી કેમના આટલા જમ્યા ? આ જ માનો સાક્ષાત્કાર ! કયારેય અનાજ ઘટતું નથી. આમ માની કૃપા થતી જાય છે.



## નાનામાં નાનું કાર્ય પણ પૂજાના ભાવથી થવુ જોઈએ

હું શારદા મહિલા વિકાસ સોસાયટીની કાર્યકર્તા બહેન છું. વડોદરા જિલ્લાના કરજણ નજીકનું એક ગામ, જૂની જીથરડી, એ મારૂ પિયર. મારા લગ્ન ઝઘડિયા સેવા રૂરલમાં કામ કરતા ભાઈ સાથે થયા. આ સંસ્થામાં બહેનોને નવું કામ શીખવાનું મળે, આવક વધે એવી પ્રવૃત્તિઓનું આયોજન થતું રહેતું.

લગ્ન પછીના શરૂઆતના વર્ષોમાં ઘરગૃહસ્થી સાચવવામાં સમય જતો. સંસ્થામાંએક બહેનને હેન્ડીક્રાફ્ટનો સારો અનુભવ અને કાબેલિયત હતા. પરિણામે હેન્ડીક્રાફ્ટનું કામ શરૂ થયું હતું. હું આ હેન્ડીક્રાફ્ટના કાર્યક્રમમાં જોડાઈ ગઈ. મને સોફા કવર, કુશન કવર જેવી નવી વસ્તુઓ બનાવવાની તક મળી. કરેલ કામ પ્રમાણે પૈસા મળતા. પણ આ કામ પૂરતુ ન હતુ. હેન્ડીક્રાફ્ટનું કામ બહેનોએ કરેલા કામના પ્રમાણમા વળતર આપતુ ન હતુ. વળી તૈયાર થયેલ વસ્તુઓના માર્કેટીગનો પણ પ્રશ્ન હતો. તેથી છેવટે એ પ્રવૃત્તિ બંધ કરવામાં આવી.

ત્યારબાદ મને પાપડ ઉદ્યોગમાં પાર્ટટાઈમ કામ કરવાની તક મળી. જેમાં મારે સહયોગી બહેનોને થતા અઠવાડિક પગાર કરવા તેની નોંધ રાખવી, જેવા કામો કરવા પડતા. હું આવા નાના કામોથી આનંદ અને સંતોષ અનુભવતી હતી.

સમય જતા મને પ્રોડકશન વિભાગની મેનજર બનાવી. ખરીદી ક્યાંથી કરવી, ભાવ, ગુણવત્તા પ્રમાણે સમયસર મંગાવવું, સ્ટોકની સંભાળ–વધઘટ ન થઈ જાય. ગામની બહેનો સારી ગુણવત્તાના પાપડ વણે તેની કોમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રી કરવી વિ. કામો આત્મવિશ્વાસથી કરુંછું. **મા શારદાએ કહ્યું છે તે યાદ કરતી રહું છું કે કોઈપણ કામ નાનું કે મોટું નથી. બધા જ કામો ઈશ્વરની પૂજા માનીને કરો.**

# સહિષ્ણુતા સમાન બીજો ગુણ નથી

**હું સરલા વસાવા,** મારો જન્મ તાપી જિલ્લાના એક નાનકડા ગામમાં થયો હતો. મારા લગ્ન થયા અને હું ઝઘડીયા સાસરીમાં આવી. હું સેવા રૂરલ પ્રેરિત શારદા મહિલા વિકાસ સોસાયટી, ઝઘડિયામાં આઠ વર્ષથી કામ કર છું. સંસ્થામાં દર વર્ષે ઉજવાતી મા શારદાની જન્મજયંતી વખતે થતાં વાર્તાલાપોમાં ગયા વર્ષે માનો સંદેશો "સહિષ્ણુતા સમાન બીજો ગુણ નથી, તેના જેવી બીજી કોઈ શકિત નથી" તેના ઉપર ચર્ચા અને વાર્તાલાપ થયા. જેનો અનુભવ મેં મારા જીવનમાં કર્યો.

લગ્ન પહેલા મેં ભરૂચ જિલ્લાની એક મિશનની સંસ્થામાં સીવણની તાલીમ લીધેલી અને સરકારી ટેકનીકલ પરિક્ષામાં પણ ફર્સ્ટ નંબરે પાસ થયેલી. મારી કામગીરી જોતા મારા કલાસના મેડમે મને સીવણ તાલીમના શિક્ષિકા તરીકે રાખવાની પસંદગી કરી અને આમ આશરે મેં ૧૫૦ જેટલી બહેનોને તાલીમ આપી. મારા ભરૂચના મેડમે મને જણાવ્યું કે ઝઘડીયા સેવા રૂરલમાં પણ ખૂબ સરસ કામ ચાલે છે તું ત્યાં જા. હું ત્યાં ગઈ મારા અનુભવને લીધે મને કામ અહિં જ મળી ગયું.

**પણ... મારા ઘરવાળા અવળા રસ્તે ચડી ગયા જેથી ઘરમાં ઘણાં પ્રશ્નો ચાલુ થઈ ગયા એટલા બધા પ્રશ્નો વધી ગયા કે અમે છૂટાછેડા સુધી આવી ગયા. અને પરિવારમાં રહેવું ખૂબ જ કઠીન બની ગયુ. મા શારદાએ કેટલું બધુ સહન કરવુ પડયુ હતુ** તે વિચારે સાસુ–સસરાની હેરાનગતિ અને પતિની હેરાનગતિ છતા પણ મક્કમ રહી મન વાળતા શીખી, જતું કરતા શીખી. હું મારા પતિ અને બાળક સાથે જ રહી અને આજે એ બધુ ભૂલી મારા પરિવાર સાથે ખુશીથી રહું છું. જેમા મોટામાં મોટા ફાળો શારદા મહિલા વિકાસને જાય છે. કારણ કે હું શા.મ.વિ.સો.માં ના હોત તો આજે મારો પરિવાર ના હોત. આજે શા.મ.વિ.સો.ના વિચારોના લીધે મેં મારું ઘર(મકાન) બનાવ્યું મારા પરિવારમાં અમે બે સંપીને રહીએ છીએ બંને જણા એકબીજાનું કામ સાચવી લઈએ છીએ અને બાળકનું પણ ધ્યાન રાખીએ છીએ.

## ૨. માના વ્યાપક માતૃભાવમાંથી...

મા શારદા આખી જિંદગી બ્રહ્મચારિણીનું પવિત્ર જીવન જીવેલા. તેમના પોતાના લોહીમાંસનું બાળક ન હોવા છતાં ગરીબ કે તવંગર, હિન્દુ કે મુસ્લીમ, પાપી કે પુણ્યશાળી, સંસારના સંઘર્ષથી દુઃખી થઈ ગયેલા, દેશી–પરદેશી, દારૂડિયા કે અસ્પૃશ્ય હોય તેની બધી મર્યાદાઓ ઓળંગીને જગતજનની બની ગયા. આવા વ્યાપક માતૃભાવની પ્રતિતિ કરાવતા પ્રસંગોમાંથી પ્રેરણા લઈને માના આ સંદેશાઓને પોતાના જીવનમાં આચરી બતાવ્યા છે તેવી સત્ય ઘટના આધારિત પ્રસંગો જોઈએ.

### પરિવારની બહેનોનો માતૃભાવ

**મારુ નામ સુભદ્રાબેન** દિનેશભાઈ વસાવા છે. ખારીયા ગામમાં રહુ છું. મારી ઉંમર ૩૫ વર્ષની છે. મારો પતિ છૂટક મજુરી કામ કરે છે. મારે બે દીકરા છે. હું શા.મ.વિ.સો. માં ૧૦ વર્ષથી પાપડ બનાવવાનું કામ કરું છું. મારો પતિ દારૂ પીને આવતો અને મને ખૂબ મારઝુડ કરતો હતો. ત્યારે મને મરી જવાનો વિચાર વાંરવાર આવતો હતો. મેં કામ પર જવાનું પણ બંધ કરી દીધુ હતુ. પરંતુ એક દિવસ અમારા સ્ટાફની બહેનોને જાણ થતાં તેઓ મારા ઘરે આવેલા અને મને બહુજ સમજાવ્યું. મારા ઘરવાળાને પણ બહુ જ સમજાવેલો. જાણે કે તેઓ અમારી મા હોય તે જ રીતે પ્રેમ અને લાગણી બતાવી. જેને મારામાં આશાનો સંચાર કર્યો. અને મારા બાળકોનો વિચાર કરી મેં મરવાનો વિચાર માંડી વાળ્યો. હું ફરી કામ કરવા લાગી. હવે મારાં ઘરવાળા મજૂરી મળે તો કરવા જાય અને ન મળે તો ઘરે જ રહે છે. મને પાપડ વણવામાં પણ મદદ કરવા લાગે છે. મજુરીએ જાય અને જે કાંઈ પૈસા આવે તે મને આપે છે. અને મારઝુડ કરતો નથી. કોઈકવાર દારૂ પીવે છે. પરંતુ ધમાલ કરતો નથી. આજે હવે કામ કરતો થઈ ગયા છે અને સાથે ખેતી પણ કરી છે. ઘરમાં પૈસા પણ આપે છે. અમો શાંતિથી સારી રીતે જીવીએ છીએ.

# મારી બહેનો પાસેથી મને માની હુંફ મળી– મારા બેકાર, દારૂડિયા પતિ અને પુત્ર હવે મને હેરાન કરતાં નથી

**મારું નામ વિદ્યાબહેન ફતેસિંહભાઈ રાઠોડ છે.** હું ઝઘડિયા ગામમાં સુલતાનપુરામાં રહું છું. મારી ઉંમર ૫૫ વર્ષ છે. હું શારદા મહિલા વિકાસ સોસાયટીમાં ૨૫ વર્ષથી પાપડ બનાવવાનું કામ કરું છું. મારા ઘરવાળા ૨૫ વર્ષથી ઘરે જ રહે છે. કાંઈ કામકાજ કરતા નથી. ઘરમાં કોઈ આવક નહી. ઘરવાળા બહુ જ ગાળો બોલે, નાનો દીકરો બહુ દારૂ પીતો. મેં પાપડ બનાવવનનું છોડી દીધુ. હું ઘણી માનસિક રીતે પડી ભાંગી હતી, ત્યારે કેરોસીન છાંટીને મરવાનો નિશ્ચય કર્યો. કેરોસીન શરીર છાંટી પણ દીધુ. આજુબાજુના લોકોએ જોયુ અને મને આમ કરતા અટકાવ્યું.

હું પહોંચી શા.મ.વિ.સો. માં અમારી બહેનોને મળવા. ખૂબ રડી, બધી વાત કરી કે શું કરું? ઘરમાં આટલા બધા દુઃખ છે. કોઈનો સપોર્ટ નથી. પિયરમાં મા–બાપ ગરીબ છે. હું કયાં જાઉં? ઘણી બધી સમજાવટને કારણે મારામાં સમજણ આવી. મારી બહેનો મારી સાથે છે. મને ખૂબ હુંફ મળી. મારી સ્ટાફની બહેનોએ મારા પ્રત્યે સગી મા જેવો પ્રેમ અને દયા બતાવી મારા ગીરવે મુકેલા ઘરેણાં માટે લોનની વ્યવસ્થા કરી આપી. આમ હિંમત આવી અને ફરી પાપડ બનાવવા લાગી. ધીમે ધીમે માનસિક પ્રશ્નો ઓછા થતા ગયા. મારા ઘરવાળાને મળવા માટે પણ બહેનો ઘરે આવેલા. મન હલકુ થતુ ગયુ. આમ મરી જવા માટે કરેલો નિશ્ચય પાછળ ધકેલી દીધો. હાલમાં હું દિવાળીના નાસ્તા બનાવું છું અને સાડીઓ પણ ભરું છું. મારો નાનો દીકરો તો ગુજરી ગયો અને ઘરવાળામાં પણ એટલો ફરક પડયો નથી પણ મને જીવનદાન મળી ગયુ એનો મને આનંદ છે.જો હું મરી જાત તો કેટલાંને દુઃખી કરત? આમ હું શારદા મહિલા વિકાસ સોસાયટીની ઘણી ઋણી છું. હવે કદાપી આવુ પગલુ નહી ભરૂં.

## ૩. માના અદ્‌ભૂત નેતૃત્વમાંથી.....

મા શારદાના જીવન પ્રસંગો દ્વારા જેઓએ મુખ્ય એક ગૃહિણી તરીકેની તો જવાબદારી નિભાવી હતી પરંતુ સાથે સાથે વિશ્વ વિખ્યાત રામકૃષ્ણ મિશનની શરૂઆતના દિવસોમાં અદ્‌ભુત નેતૃત્વની જવાબદારી પણ ઉપાડી હતી તેને લગતા પ્રસંગો ઉપર અમે બધાએ સહચિંતન કર્યુ. મા શારદાની વિશિષ્ટ નેતૃત્વ શકિતઓ વિશે વિચાર કરીને અને સમજીને, સેવા રૂરલથી અલગ નવી શરૂ થયેલ શારદા મહિલા વિકાસ સોસાયટી સંસ્થામાં તેવી શકિતઓને ખીલવવાનો પ્રયત્ન કર્યો. અમે બધા પણ સંસ્થામાં જોડાતા પહેલા ગૃહિણીના જેવું સીધેસાદુ જીવન જીવતા હતા. છતાં આજે અમે ૨૦ કરતાં પણ વધુ બહેનોએ સંસ્થાના સંચાલનમાં સુમેળભર્યા સંબંધો સાચવીને, મૂલ્ય આધારિત કામો કરીને, સમય સૂચકતા, શિસ્તપાલન તેમજ દીર્ઘદ્રષ્ટિ રાખીને સંસ્થાનો સઘળો વ્યવહાર ચલાવી રહ્યા છીએ. આ પુસ્તકમાં આપણે માત્ર બે બહેનોની જ નેતૃત્વશકિતની વાતો વાંચીશું.

### મેં જાહેર સભાને સંબોધી !

**મારું નામ વાહેદાબેન.** તા.૨૨/૦૮/૨૦૧૨ સેવા રૂરલમાં ઈદની ઉજવણી કરવાની હતી. આ પ્રસંગે કામોની વહેંચણી માટે એક મિટીગ થઈ. મારે સભામાં ઈદ વિશે બોલવાનું હતું એમ નક્કી કરવામાં આવ્યું. હું અલ્લાને દુઆ કરતી કે મારું બોલવાનું કેન્સલ થઈ જાય. મારો આવી સભામાં સંબોધન કરવાનો બિલકુલ અનુભવ નહી છતાં વડીલોના મારા ઉપરના વિશ્વાસને માન આપી હું તૈયાર થઈ. મારી જિંદગીમાં પહેલી વખત આટલા બધાની વચ્ચે બોલવા ઊભી રહી તે સમયે પણ મારા મુસ્લીમ સમાજના બે મોટા વ્યકિતઓ સામે હાજર હતા અને ગામમાંથી પણ અમુક જાણીતા પરિવારમાંથી આવેલ. મને થયું કે હું બરાબર નથી બોલી પણ મારુ વકતવ્ય પૂરું થયા બાદ બધાએ મારા વખાણ કર્યા. આથી મારો આત્મવિશ્વાસ વધી ગયો.

# હાશ... અમે દેવાના વિષચક્રમાંથી છૂટયા

ઝઘડિયા અને ખારિયા ગામની બહેનોની આ વાત છે.

મણીબહેન વસાવા પાપડ વણે અને જુથમાં રહી નિયમિત બચત પણ કરે. ઓચિંતુ એમની માતાનું મૃત્યુ થયું. માના મૃત્યુ બાદ વ્યવહાર તો કરવો રહ્યો. પિતાએ માના જ ઘરેણા ગીરવે મુકી ક્રિયા વિધિ કરી. મણીબેનને જયારે ખબર પડી ત્યારે પિતાની પાસે પહોંચી ગયા. પોતાની બચતની સામે જરૂરી ધિરાણ લઈ, દેવાની બધી રકમ ભરપાઈ કરી દીધી અને માના ઘરેણા પરત લઈ આવી.

ગીતાબહેન વસાવા છેલ્લા ૧૫ વર્ષથી પાપડ વણવાનું કામ કરી રહ્યા છે. સાથે બચત પણ કરે અને જરૂર પડે ત્યારે લોન પણ લે. પતિ છૂટક નાની મજૂરી કરે, તેથી આવક ઓછી. પરિણામે માંદગી કે આકસ્મિક ખર્ચ માટે તો કયારેક ચાલુ ઘર ખર્ચ માટે શાહુકાર પાસે ઉધાર લેવાનું થતું. ઘરેણા ગીરવે મૂકે તો કાંઈક ઉધાર મળે. તેણે પોતાની બચતમાંથી લોન લઈને ગીરવે મુકેલા ઘરેણા છોડાવ્યા.

દેવુબેન ઝઘડીયા ગામના રહીશ. મિલ્કતમાં આઠ એકર જમીન અને થોડા સોનાના ઘરેણાં. પતિને ગળાનું કેન્સર થયું, જેની ખર્ચાળ સારવાર કરાવવા માટે રૂા. ૪ લાખ વ્યાજે, જમીન ગીરવે મુકી. આ રકમના વ્યાજ પેટે રોજના રૂા. ૧૦૦ ચુકવવાના થાય, જે એમના એકના એક દીકરાની જે કમાણી થાય તેમાંથી જ મોટેભાગે વ્યાજમાં ચુકવવામાં ખર્ચાઈ જાય છે. મેં રૂા. ૪ લાખ લીધેલા તેને પણ પાંચેક વર્ષ જેટલો સમય થઈ ગયો છે. તેમને ખબર નથી કે કેટલી રકમ તેણે અત્યાર સુધી વ્યાજ રૂપે ચુકવી છે. મુડીની વસુલાત વ્યાજે પૈસા આપનાર વ્યકિત પાકની ઉપજમાંથી છેલ્લા પાંચ વર્ષથી વાળી લે છે. તેમને કેટલી રકમ ભરપાઈ થઈ છે તેનો પણ કોઈ ચોકકસ આંકડો ખબર નથી.

આ ઉપરાંત તેમણે પોતાના સોનાના ઘરેણાં ગીરવે મુકી દીધા, પરંતુ વ્યાજ અને મુડીના નાણાં કથીત સમય દરમ્યાન પરત ન કરી શકી તેથી ઘરેણા વેપારી પાસે ડૂબી ગયા. આમ તેમની બધી મિલ્કત અને ઘરેણાં હાથથી ગયા. આટલી વિકટ પરિસ્થિતિમા પણ બહેન હિંમત હાર્યા નહી. તેમણે પાપડ વણવાનું ચાલુ રાખ્યુ જેમાં તેમની દિકરી પણ તેમને મદદરૂપ થતી. સમય જતાં તેમણે એકઠી કરેલ બચતમાંથી લોન લઈ શકય તેટલું દેવુ ભરપાઈ કર્યુ, બાળકોને મોટા કર્યા,ભણાવ્યા, પરણાવ્યા. હાલ, દેવામાંથી તેઓ બહાર નીકળી શકયા છે. એમનો દીકરો પણ સારુ કમાય છે અને બહેન પોતે નિવૃત્ત થઈ સુખેથી જીવન જીવી રહ્યા છે.

## ૪. માના આધ્યાત્મિક દ્રષ્ટિકોણમાંથી....

મા શારદા કહેતા જ હોય "આધ્યાત્મિકતાનો પાયો જ મૂલ્યની જાળવણી છે". માના જીવનમાં આધ્યાત્મિક અને મૂલ્યની જાળવણીના ઘણા પ્રસંગો છે જેમાંથી આપણને પ્રેરણા મળે છે. અમારી સંસ્થામાં પણ મૂલ્ય આધારિત કામ કરતા બે પ્રસંગો અહીં રજુ કરીએ છીએ.

### મુલ્ય આધારિત કામો થઈ શકે છે હો.....

હું સંસ્થામાં ચાલતા પાપડ ઉદ્યોગની માર્કેટીંગની જવાબદારી સંભાળી રહી છું. અમારી સંસ્થામાં બધા જ કાર્યક્રમો મૂલ્યની સાચવણી કરીને જ કરીએ – તેમાં બિલકુલ બાંધછોડ નહિ.

અમારો પાપડ ઉદ્યોગ તો લગભગ ૩૫ વર્ષોથી ચાલે છે છેલ્લા કેટલાક વર્ષોથી વધતા જતા ભ્રષ્ટાચારના જમાનામાં મૂલ્યોની જાળવણી કરીને કામ કરવું કપરૂ પડી રહ્યું છે. પાપડમાં વપરાતો કાચો માલ જેવો કે અડદદાળ, મરી મસાલા વગેરેના ભાવો સતત વધે વળી આપણા પાપડની ગુણવત્તા સાચવવાનો ખાસ આગ્રહ એટલે ભેળસેળનો તો સવાલ જ નહીં. ગરીબ બહેનોને પૂરતી રોજી આપવાની પણ હોંશ એટલે સ્વાભાવિક રીતે જ આ બધા કારણોસર ભાવમાં વારંવાર વધારો કરવો પડે અથવા તો સંસ્થાએ પડતી ખોટ કોઈ રીતે સરભર કરવી પડે.

વધારે આનંદની વાત તો એ છે કે થોડા વર્ષો પહેલા પાપડ ઉદ્યોગમાં ખોટ આવી ત્યારે સ્ટાફની બહેનો તેમ જ ગામની પાપડ વણતી ગરીબ બહેનો સાથે થયેલ મિટિંગમાં. હવે પછી ખોટ ન આવે માટે શું કરવું તેના સંદર્ભમાં ખુલ્લા દિલે ચર્ચા કરી અને બધી હકીકત રજૂ કરી. બહેનોએ અંદરોઅંદર વાત કરી. થોડી જ વાર બાદ સૌ મક્કમ નિર્ધાર કરીને બોલ્યાં અમને આપેલો વધારો પાછો ખેંચી લો. અમે વધારે કામ કરીશું પણ ભેળસેળ વગરના સારી ગુણવત્તાવાળા પાપડ જ બનાવીશું. વળી હરિપુરા ગામના પ્રોવિઝન સ્ટોરના માલિક જગદીશભાઈ તેમજ ભરૂચના ગંગા જમના હોટલના નિમેલેશભાઈ જેવા કોન્ટ્રાકટરોએ અમારા થોડા મોંઘા પણ ગુણવત્તાવાળા પાપડનો જ આગ્રહ રાખ્યો. જયારે આવા પ્રસંગો બનતા હોય છે ત્યારે અમારો મૂલ્ય જાળવીને કામ કરવાના આત્મવિશ્વાસમાં વધારો થાય છે. ખરેખર દુનિયામાં દેર છે અંધેર નહિ.

# હું લલચાઈ નહીં.....

**મારું નામ રમાબહેન.** હું વેચાણ કેન્દ્ર સંભાળતી હતી એટલે રોજબરોજનો પૈસા તેમજ વેચાણના માલના હિસાબની મુખ્ય જવાબદારી. એક દિવસ સ્ટાફની બહેને કોઈક વસ્તુ લીધી. તેણે રૂપિયા ૧૦૧ મને ચુકવ્યા. અન્ય ઘરાકીમાં વ્યસ્ત હોવાથી ૧૦૧ રૂા. તેઓ ટેબલ પર જ ભૂલી ગયા. એક પછી એક ઘરાકોનું કામ પતાવ્યા બાદ મને ૧૦૧ રૂા. યાદ આવ્યાં. આખા ટેબલ ઉપર શોધી વળી પરંતુ મને એક રૂપિયો જ મળ્યો. સો રૂપિયાની નોટ ગાયબ હતી. ખૂબ શોધી પણ ના મળી. શોધતા શોધતા મારાથી આ અંગે શારદા માને કહેવાઈ ગયું "મારા સો રૂપિયા મેળવી આપ" થોડા સમય પછી એ જ દિવસે એ જ ટેબલ પરથી ૫૦૦ રૂપિયાની નોટ મળી. કદાચ મારી જ ભુલ હશે એમ સમજી બધો હિસાબ કર્યો રૂપિયા ૫૦૦ વધુ હતા. બે ત્રણ વખત ચેક કર્યુ પરંતુ પરિસ્થિતિ એની એ જ. આથી આ અંગે તેઓએ ઉપરીને જાણ કરી આથી આ અંગે ઉપરીએ હિસાબની ચકાસણી કરવા અને મદદ માટે બીજા કાર્યકર્તા બહેનને મોકલ્યા. પરંતુ રૂા. ૫૦૦ની વધ અને ૧૦૦ રૂા. ઘટ જ હતી. કામ કરતાં કરતાં હું માને કહેતી, "મેં તો તારી પાસેથી રૂા.૧૦૦ જ માંગ્યા હતા. ૫૦૦ કેમ આપ્યા? શું તુ મારી ચકાસણી કરે છે ને ? પણ હું મારા મનને નહી ડગવા દઉં." બાજુમાં ઊભેલા બીજા કાર્યકર્તા બહેનને કાંઈ સમજ ન પડી બોલી ઊઠયા, "શું બબડો છો? કોની સાથે વાત કરો છો ?" કાંઈ નહી કહીને જવાબ ટાળ્યો. રમાબહેને ૫૦૦ રૂા. સંસ્થામાં જમા કરાવ્યા અને રૂા. ૧૦૦ પોતાના મૂકી હિસાબ પૂરો કર્યો.

એક દિવસ રમાબહેન સાથે બીજી એક બહેન અલપઝલપની વાતો કરતાં હતા અને બંને પોતાના તેમજ કૌટુંબિક પ્રશ્નોની વાતો એ ચઢયાં. રમાબહેને કહ્યું કે તેઓ રોજ બાળ કનૈયાની સેવા કરે છે. તેઓ વાતવાતમાં કહ્યું મને કોઈ પ્રશ્ન હોય ત્યારે મન હળવું કરવા મારા લાલા સાથે વાત કરી લઉં અને પછી મારુ મન હળવું થઈ જાય. કેટલી ઊંચી આધ્યાત્મિક અવસ્થા !

## ૫. માના અનોખા દાંમ્પત્ય જીવનમાંથી....

મા શારદા અને શ્રીરામકૃષ્ણ બંને ત્યાગી અને વૈરાગી હોવા છતાં લગ્નગ્રંથિથી જોડાઈને જીવનપર્યંત શાંતિ અને આનંદપૂર્વક જીવન જીવેલા. ગત વર્ષે માની જન્મજયંતી ઉત્સવ પ્રસંગે આદર્શ દાંમ્પત્ય જીવનની મુખ્ય વિશિષ્ટતાઓ વિશે વધુ સમજવાનો મોકો મળ્યો. આ શીખ, સમજ મેળવી દાંમ્પત્ય જીવનને સુખી અને શાંતિમય બનાવવા કરેલા પ્રયાસ વિશે જણાવવું ગમશે.

### અમને મળી એકબીજાની હૂંફ અને સહકાર....

**મારું નામ નજમા.** ઝઘડીયાની વતની છું. અમે બે અને અમારા બે બાળકો ઉપરાંત અમે સંયુકત કુટુંબમાં રહીએ છીએ. મારા ઘરવાળા સેવા રૂરલમાં વર્ષોથી કામ કરે છે. અમારી કુટુંબની આર્થિક સ્થિતિ સારી નહી. મને મનમાં થયા કરતું કે હું કાંઈ નાનુ–મોટું કામ કરી કુટુંબની આવક વધારુ.

મારા પતિ ગારમેન્ટ વિભાગમાં કામ કરવા મને પ્રોત્સાહિત કરતા હતા. પરંતુ મારી સિલાઈની આવડતના અભાવે હું અચકાતી હતી. પરંતુ હું જો કામ કરીશ તો મારા ઘરવાળા પણ મને ઘરમાં સહકાર આપશે એવી ધરપત આપી. મેં પણ મનોમન નકકી કર્યુ કે ભલે મહેનત કરવી પડે, નવું શીખવાની માથાકુટ પડે, પરંતુ હું સિલાઈનું કામ ધીમે ધીમે શીખી જઈશ. પછી હું ગારમેન્ટમાં જોડાઈ ત્યારે મને કાંઈ આવડતું નહી. પરંતુ ધીરે ધીરે સમય જતા મારા ઘરવાળાનો સાથ, ગારમેન્ટમાં કામ કરતી બહેનો અને બહેનોના સહકારથી હું કયાંથી કયાં પહોચી ગઈ. ધીરે ધીરે હું ઘણું બધું કામ શીખી ગઈ જેમ કે ગાજ–બટન, ગારમેન્ટ પ્રેસીગ, ચીકન પ્રીન્ટીગ, પેકીગ વગેરે. ઓર્ડર આવે તો ફોન પર સંદેશો લેવો, એને સુપરવાઈઝર બહેનને ઓર્ડરની વિગતો સાથે પહોચાડવો, તૈયાર થયેલ માલનું ચેકીગ જેવા ઘણા કામો સરળતાથી કરવા લાગી.

અમારા જેવું જ કામ કરતી ખારેલની સંસ્થા, ગ્રામ સેવા ટ્રસ્ટ,ના યોજાયેલ મહિલા સંમેલનમાં મને મારી વિકાસયાત્રાની વાત કહેવાની તક મળી હતી. હિમત અને સ્પષ્ટતાથી રજુ કરેલા મારા વકતવ્યના પ્રતિભાવને બધાએ વધાવી લેતા હું વધારે ને વધારે તાકાતવાન બની ગઈ. મારી પ્રગતિ અને મારા પરિવર્તન પાછળ મારા ઘરવાળાની હુંફ અને સહકાર હંમેશા મળતા રહ્યા છે. અમારા ઘરસંસારની ગાડીના બંને પૈડા મજબૂત હોઈ અમારો સંસાર સારી રીતે ચાલી રહ્યો છે.

# જીવનયાત્રાની સફળતા માટે માલિકીવૃત્તિ નહીં પણ જરૂર છે પરસ્પર પ્રેમ, વિશ્વાસ અને સહકાર

**મારું નામ દક્ષા.** હું દીકરી હતી ત્યારથી નોકરી કરુ છું. પછી મારા લગ્ન થયા. મારે વહુ બનીને સાસરે જવાનું આવ્યું ત્યારે સાસરેથી નોકરી કરવાની હતી. અમારા બંનેની ઈચ્છા કે હું નોકરી ચાલુ રાખી. આથી એમણે ઘરમાં બધાને સમજાવ્યુ કે અમે એકબીજાને સમજીને નોકરી કરીશું. એકબીજાને સાથ સહકાર આપીશું.

ઘરમાં અમે એકબીજાનું કામ સમજી વિચારીને કરી લઈએ છીએ. એમને કોઈપણ કામ કરવામાં નાનમ નથી મારે નોકરી અર્થે બહાર ગામ જવાનુ થાય ત્યારે વહેલું–મોડુ થાય, પરંતુ આજ દિન (૧૩ વર્ષ) સુધીમાં એવુ નથી પૂછયુ કે 'કેમ તને મોડુ થયું ? કારણ કે એમને મારા પર ઘણો બધો વિશ્વાસ છે કે કામ અર્થે મોડું થયુ હશે. મારી સાથે એ સંદર્ભે ચર્ચા પણ ન કરે. હું સામેથી બધું કહું કે આજે આવુ થયુ, કારણે મોડુ થયું, તો મને સાંભળે.

આપણી જીવનયાત્રા એ બે પૈડાવાળા રથમાં યાત્રા કરવા જેવું છે. રથના બે પૈડામાંથી એક પૈડું બરાબર ન હોય તો આપણી જીવનયાત્રા સફળ ન થાય. જીવનયાત્રામાં એકબીજાનો સહકાર (પ્રેમ) અને વિશ્વાસ એ પણ રથના બે પૈડા જેવુ છે. એમાંથી એકમાં પણ ડગુમગુ થાય તો ન ચાલે. મારા પતિ બાળકને સાચવવા માટે ઘેર કોઈ ન હોય કે સમાજિક પ્રસંગો સાચવવા માટે પણ સમજીને નોકરીએ રજા પણ પાડીને એ બાળકને સાચવે છે. મારાથી રજા પાડી શકાય એવુ નથી. એવુ કહેવાની જરૂર મારે નથી પડતી. મતલબ એ મારી નોકરીને પણ ઘણુ જ મહત્વ આપે છે.

મને કાઈ પૂછે કે લગ્ન કર્યા બાદ બંધનો અને મર્યાદાઓ જાળવીને બંને શાંતિથી રહી શકે ? તો મારો જવાબ છે હા, 'ચોક્કસ'. જો એકબીજા પરના હકક કે માલિકીવૃતિનો આગ્રહ ન રાખીએ તો.

## "દાંમ્પત્ય જીવનની સ્વસ્થતા માટે ભણતર કરતા ઘડતરની વધુ જરૂર છે"......

**મારું નામ સુધા.** મારા કુટુંબમાં અમે પતિ–પત્ની, ત્રણ બાળકો (બે દીકરીઓ અને એક દીકરો) અને પતિના પિતા (દાદા) રહે છે. કુટુંબની મુખ્ય આવક પાપડ વણવાની કમાણી, તેમજ ખેતી અને દૂધની આવક. ખેતી વારસામાં મળી છે. જેમાં અમે પતિ–પત્ની જાતે સાથે મળીને વાવેતર કરીએ. જરૂર પડે ત્યારે બેમાંથી એક ખેતરની દેખભાળ કરવા જાય. બાકીના સમયમાં પતિ–પત્ની સાથે પાપડ બનાવીએ છે. અમારી આવકમાંથી અમે ઘર રીપેર કરાવ્યું, નવું બનાવ્યું, બાળકોને પણ ભણાવીએ છીએ. આવા તમામ કામોમાં અમારા બન્નેની ભાગીદારી હોય છે. કયારેક વધારે પાપડ વણવાના હોય અથવા ખેતીનું કામ આવી પડયુ હોયતો અમારા બેમાંથી કોઈપણ એક વ્યકિત તે કામ કરે અને બીજી એક વ્યકિત રસોઈ બનાવવાનું. બાળકોને નિશાળે મોકલવાનું, દીકરીઓના માથા ઓળવાનું વિ. તમામ જવાબદારી ઉપાડી લે. તેથી કામ બિલકુલ સરળ થઈ જાય. ઘરના ખર્ચા માટે અમે એક ડબ્બો રાખેલો છે. પૈસા બેંકમાંથી જરૂર પૂરતા ઉપાડીને અને એ ડબ્બામાં મૂકીએ દે. જેને જરૂર પડે તેમ એમાંથી પૈસા કાઢી વાપરીએ અને પૈસા કયાં વાપર્યા તે એકબીજાને કહીએ. મારા ઘરવાળાને ખબર કે તહેવારઆવે એટલે મને બંગડીઓ, નવા કપડાં, ઘરેણાવિ. નો શોખ એટલે દર તહવારે બસોથી ત્રણસો રૂપિયા અલગ આપી જદે, જેથી મારી જરૂરિયાત અને શોખ પણ પૂરા થાય.

હવે સુધાબહેને એક એવી વાત કરી, જે આપણને કહી જાય છે કે કુટુંબની શાંતિ માટે ભણતર કરતાં ઘડતરની વધુ જરૂર છે. મારા બનેવી ગુજરી ગયેલા તેમનું તેરમું હતું તેથી કિરણભાઈએ મને ૫૦૦ રૂપિયા આપી, તેરમાનો વ્યવહાર કરાવવા મોકલી. ઝઘડિયાથી બસ પકડીને બીજે ગામ જવાનું. હું ઝઘડિયા ચોકડી પર બસની વાટ જોતી ઊભી હતી. એવામાં અમારા જ ગામનો છોકરો આવ્યો. મેં પૂછયુ 'કેમ બેટા, અહી ?' એ

છોકરાએ રડતા રડતા મને વાત કરી કે, કાકી હું સ્કુલમાં ધોરણ–૧૧માં એડમિશન લેવા આવ્યો હતો. સ્કુલવાળા કહે છે કે એડમિશન મળી ગયું છે પણ આજે જ ફી ભરો. કાલે આવશો તો એડમિશન નહી મળે. એટલે બસને પડતી મૂકી એ છોકરા સાથે સ્કુલે ગઈ. જઈને શિક્ષકને મળી કેટલા રૂપિયા ભરવાના છે તે પૂછયું. જવાબ મળ્યો '૨૩૬ રૂપિયા.' ૫૦૦ રૂપિયા મારા હાથમા હતા. પણ કિરણભાઈને પૂછયા વગર હું શું નિર્ણય લઉં? થોડી વાર વિચાર્યા પછી લાગ્યુંકે તેરમાનો વ્યવહાર તો પછી પણ સચવાશે, પણ આ છોકરાનું એડમિશન નહી થાય તો એક છોકરો ભણતો અટકી જશે. તેથી હિંમત કરી મેં૫૦૦ રૂા. ની નોટ શિક્ષકને આપી દીધી મનમાં ડર કે કિરણભાઈ લડશે તો? અને જો લઢશે તો કિરણભાઈને પણ સમજાવવા પ્રયત્ન કરીશ. આમ એ છોકરાનું એડમિશન થઈ ગયું. હું ઘરે પાછી આવી. કિરણભાઈએ પૂછયું , 'કેમ પાછી આવી ? મે બધી વિગત કહી, પણ કિરણભાઈ કહે, "સારુ કર્યુ." એ જ દિવસે બીજા બહેન પાસેથી પૈસા ઉછીના લઈને પછી તેરમામાં જઈ વ્યવહાર પણ કર્યો.કોણ કહે છે, "ગામડાનો ગરીબ વ્યકિત પછાત છે ? " નથી લાગતું કે, "દાંમ્પત્ય જીવનની સ્વસ્થતા માટે ભણતર કરતા ઘડતરની વધુ જરૂર છે?".

## ૬. માએ નિભાવેલ પારિવારિક સંબંધોમાંથી....

મા શારદા કુંવારા હતા ત્યારે અને લગ્ન કર્યા બાદ પણ સ્વસુર પક્ષ તેમજ પિયર પક્ષના કુટુંબો પ્રત્યેની જવાબદારીઓ સારી રીતે નિભાવી હતી. પતિની મહા સમાધિ બાદ જેઠના દીકરાએ માને મળતુ પેન્શન બંધ કરાવી દીધેલુ. સ્વાર્થી ભાઈઓ તેમ જ ધૂની અને વિચિત્ર સ્વભાવની વિધવા ભાભી અને ભત્રીજીઓનું બેહુદુ વર્તન તેમજ ભાણેજ હૃદયે પણ મા પ્રત્યે ઉદ્ધત વર્તન કરેલું. આવા વિવિધ અને વિચિત્ર સ્વભાવવાળા કંટુંબીજનો પ્રત્યે રોષ, ક્રોધ પ્રતિકાર કે ફરિયાદ ન કરતાંસમય સંજોગો અને વ્યકિતના સ્વભાવને સાનુકૂળ બનીને સાચવેલા સુમેળભર્યા સંબંધોમાંથી અમે ઘણુંબધું શીખીને અમારી શકિત, સમજ પ્રમાણે અમારા પરિવારમાં શાંતિ જાળવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.

### મે પરિવારની જવાબદારી લીધી

**મારું નામ વનિતાબહેન રાજુભાઈ વસાવા** છે. હું ખારિયા ગામમું રહું છું. ત્રીજા ધોરણમાં ભણતી હતી ત્યારે મારા પિતાજીનું મૃત્યુ થયું. મારે ચાર નાના ભાઈ–બહેન છે. બા મજૂરીએ જાય એટલે ઘરમાં નાનાભાઈ બહેનની કોણ સંભાળ રાખે...? એટલે મારે ભણવાનું છોડવું પડયું. બાને માંડ રૂા. ૨૦૦ મહીને મળતા. એટલામાં અમારું ઘર ચાલે નહી, એટલે મેં શારદા મહિલા વિકાસ સોસાયટીમાંથી પાપડનો લોટ લાવીને પાપડ વણવાનું શરૂ કર્યું પછી તો મારી બાએ પણ મજૂરીએ જવાનું બંધ કરી દીધુ અને પાપડ વણવા માંડયા. આમાંથી મળતા પૈસામાંથી અમે થોડી બચત પણ કરવા માંડી બચતમાંથી મારા લગ્ન પણ થયાં પણ મારી બા એકલી અને નાના ચાર ભાઈ–બહેનની જવાબદારી એટલે મેં મારા ઘરવાળાને પિયરમાંરહેવા સમજાવ્યું. પછી મેં પાપડ વણવાનું ચાલુ જ રાખ્યું. બચત પણ થઈ ગઈ. બચતના પૈસામાંથી ત્રણ બહેનોના લગ્ન કર્યા હવે મારી બાની જવાબદારી ઓછી થઈ છે. હવે તો મારા ઘરવાળા પણ કામ તો કરે જ પણ સાથે સાથે જયારે સમય મળે ત્યારે પાપડના કામમાં મને મદદ કરે છે. હવે અમે બધાં આનંદથી રહીએ છીએ. અમારા ગામમાં પાપડના કામથી અમારા જેવા ગરીબ બહનોને ઘર બેઠાં રોજી મળી રેહ છે. અમે ઘર પણ સારીરીતે સંભાળી શકીએ છીએ.

# અમારા પરિવારની શાંતિ

હું ઝઘડિયા ગામની રહેવાસી. **નામ સરોજ.** માંડ ધો. પાંચ સુધી ભણી હતી. ઘરની પરિસ્થિતિના કારણે વધારે ભણવાનું શકય ના બન્યું. સાસરે પતિની કમાણીથી ઘર ચલાવવામાં મુશ્કેલી પડતી હતી. ઘરમાં અમે બે અને અમારા બે બાળકો. આમ સુખે દુઃખે અમારો સંસાર ચાલતો હતો. એટલામાં અમે સૌ માટે સોનાનો સુરજ ઉગ્યો. અમારા ગામમાં શારદા મહિલા વિકાસ સોસાયટીએ પાપડનો ગૃહઉદ્યોગ શરૂ કરેલો, હું એમાં જોડાઈ છું. સંસ્થામાં વર્ષોવર્ષ માની જન્મજયંતી ઉજવાતી રહે છે. મા શારદાના જીવનના પ્રસંગોની વાત, એમની શીખ તથા એક યા બીજી મુશ્કેલીઓ દરમિયાન જાળવી રખાતી શાંતિએ મને ખૂબ અસર કરી.

આ તો વાત થઈ પૈસાની. પરંતુ પાપડ વણતા વણતા થોડા પગભર થયા બાદ સંસ્થામાં થતા વાર્તાલાપો, શિબિર, વાંચન વિગેરેમાંથી મને નવું નવું જાણવા સમજવા મળે છે. જે કંઈ હું સમજતી તેની વાતો ઘરે આવીને હું મારા પતિને કરતી. પછી તો મારા પતિની તો શું વાત કરું? બધા કામોમાં મારા પતિનો સહકાર મળતો રહે છે. એ હાલમાં બહારનું કામ કરતા નથી પરંતુ ઘરના કામમાં મદદ કરે જેમ કે રસોઈ બનાવવામાં, પાપડનો લોટ ખેંચવામાં, લોટ ગુંદવામાં વિગેરે.

સમય જતા અમારા ઘરની સૌ વ્યકિતઓમાં સરસ પરિવર્તન આવ્યું. ઘરના બધા એકબીજાનું સાન–માન સાચવતા થયા છે. મારી સાથે કામ કરતી અન્ય બહેનોના વાણી – વર્તનમાં મોટો ફેર આવ્યો હોય તેવું લાગે છે. મારા અને મારા કુટુંબ પર વરસેલી મા શારદાની કૃપા, વ્યકત કરતા આનંદ અનુભવું છું.

# કુટુંબમાં મારું માન વધ્યું

**મારું નામ અલકા.** ઝઘડિયાથી બે એક કી.મી. દૂર આવેલા ગામની વતની. મારા પતિ છૂટક કામ કરે તેથી ઘરની સ્થિતિ સારી નહી. સાસુ – સસરાથી અલગ થયા તેથી અમારા કુટુંબની સ્થિતિ વધારે કપરી બની. શારદા મહિલા વિકાસ સોસાયટીમાં બહેનો માટે ચાલતી પાપડ પ્રવૃતિમાં હું જોડાઈ. મારા ગામથી રોજ સવારે ઝઘડિયા આવી વણેલા પાપડ આપવા અને તે દિવસે વણવા માટે પાપડનો લોટ લાવવાનો થતો. મારા પતિને મારા માટે ખોટો વહેમ આવ્યા કરતો. ગામમાં પડોશીઓ અને કુટુંબીજનો એમની કાન ભંભેરણી કરતા રહેતા. પરિણામે અમારા બંને વચ્ચે બોલાચાલી અને ઝઘડા થતા રહેતા. પરંતુ સંસ્થામાં વાર્તાલાપ, ચર્ચા, શિબિર જેવા કાર્યક્રમોમાં મને ઘણું નવું શીખવાનું મળ્યું. મારામાં હિંમત વધી. સંસ્થામાં જે શીખીને આવતી તે ઘરમાં બાળકોને શીખવતી. મારા પતિ એ સાંભળતા રહેતા. ધીરે ધીરે એમને વિશ્વાસ બેઠો કે પાપડ વણતા વણતા આવક કરવા ઉપરાંત બીજું ઘણું મને જાણવા સમજવા મળી રહ્યું છે.

મારા ભાભીનું કમનસીબે સુવાવડ દરમ્યાન મૃત્યુ થયું. તેના બે બાળકોને રાખવાવાળું કોઈ ન હતું. અમે બાળકોને અપનાવી લઈને અમારી સાથે જ રાખ્યા. બંને બાળકો અમારી સાથે જ રહીને ભણી રહ્યા છે. હવે અમે શાંતિથી અને માનથી જીવીએ છીએ. હવે મારે મિટિંગ કે શિબિરમાં જવાનું હોય અને ઘરે પહોંચતા મોડું થાય તો પહેલાની જેમ ઝઘડો થતો નથી.

ઊલ્ટા સામે ચાલીને કહે છે : તુ તારે જા. હું ઘરમાં જ છું તો રસોઈ કરી દઈશ. હવે તો ઘરમાં બિલકુલ શાંતિ છે. ઝઘડિયા મિટિંગ યા શિબિરમાંથી ઘરે જાઉં તો રસોઈ તૈયાર હોય છે. સામેથી એવું પણ પૂછે કે તું શું શીખીને આવી ? પછી અમે શાંતિથી બેસીને વાત કરીએ. ઘરમાં બાળકોને પણ સારા સંસ્કાર મળતા રહ્યાં. કુટુંબમાં મારું માન વધ્યું. કોઈ નિર્ણય લેવાનો હોય તો બધા મને પૂછે છે.

## ૭. શકિતસ્વરૂપા મા શારદાના જીવનમાંથી....

મા શારદા એક ગ્રામીણ, અભણ, લજજાળુ સ્ત્રી હતા. છતાં તેમના જીવનમાં આધુનિક અને પ્રાચીન એવી વિરોધાભાષી સંસ્કૃતિનો સુમેળભર્યો સમન્વય સાધીને તેઓએ સ્ત્રી સશકિતકરણનું એક તેજસ્વી અને યશસ્વી વૈશ્વિક ઉદાહરણ પૂરું પાડયું છે.

સંસ્થામાં વિવિધ વિષયો પર આયોજિત થતી તાલીમો અને શિબિરોએ અમારા આત્મવિશ્વાસમાં વધારો કર્યો. પહેલા તો મહિલા વિકાસ કાર્યક્રમમાં કોઈ પણ પ્રસંગની ઉજવણી કરવાની હોય ત્યારે મુખ્ય જવાબદારી કોણ લે....? આ તો મારાથી ન થાય, મને બીક લાગે, શરમ આવે... અને હવે કોઈ બહેન શારદા મહિલા વિકાસ સોસાયટીમાં એવા નથી કે જેઓ કાર્યક્રમના સૂત્રધાર ન બન્યા હોય.

### અમે અમારા બાળકો માટે ધારીએ તે લાવી શકીએ...

**તેજુબહેન** "જયારે પાપડ વણવાની શરૂઆત નહોતી થઈ ત્યારે એક જ જણની ટૂંકી આવકમાં ઘરખર્ચ કરવામાં ઘણી મુશ્કેલી પડતી. નાના નાના બાળકો સાથે ઘરમાં શું ના જોઈએ ?

પછી પાપડ વણવાની શરૂઆત કરી. પાપડ વણતાં–વણતાં કંઈ કેટલાને વિચાર આવતા રહેતા. 'હવે આટલા પૈસા મળશે તો હું આમ લાવીશ, તેમ કરીશ.' એમ કરતાંવિચાર આવ્યો કે રાત્રે ગરમીમાં છોકરાઓ ઊંઘે નહી– મચ્છર કરડે અને બિમાર પડે એટલે વધારે પાપડ વણીને તે પૈસામાંથી પહેલો પંખો લીધો. હવે છોકરાઓ શાંતિથી સુવા લાગ્યા. મને ખૂબ જ આનંદ થયો.

એમ કરતાં બીજો એક પ્રસંગ બન્યો. ઘરમાં અચાનક મહેમાન આવ્યા અને મારી દીકરીને કેરીનો જયુસ કઢાવવા પડોશીઓને ત્યાં મોકલી. બે ત્રણ ઘરે જુદા જુદા જવાબ સાંભળ્યા પછી ઘરે આવીને તેણે કહ્યું કે 'હવે અમે કોઈને ઘેર આમ નહી જઈએ'. તે દિવસે નક્કી કર્યું કે બીજા વર્ષે હજુ વધારે મહેનત કરીશ અને મિક્ષ્ચર લઈશ. ખરેખર જ પછી રૂા. ૧,૫૦૦નું મિક્ષ્ચર ખરીદ્યું. તેથી મને એટલી હિંમત આવી કે અમે જે ધારીએ તે અમારા બાળકો માટે લાવી શકીએ છીએ.'

## બેંકમાંથી પૈસા લેવા છે સહી કરીને, અંગૂઠો પાડીને નહીં

પાપડ ઉદ્યોગ કેન્દ્ર ખારિયા ગામની અભણ બહેનો માટે શરૂ થયો, આ બહેનો અંગૂઠો પાડીને રોજી લે. પોતાનું નામ લખતાં શીખવાની વાત મૂકી. પ્રથમ તો આ ઉંમરે ભણી જ ન શકાય, હવે તો આ જન્મારો ગયો, એમ કહ્યું. ધીરે ધીરે નિયમિત રીતે મળતાં થયાં. અમે મિટિંગમાં સ્લેટ આપી. સ્ટાફની બહેનોએ આ બધી બહેનોને પોતાનું નામ લખતાં શીખવાડયું. બહેનો સ્લેટ ઉપર નામ ઘૂંટે, ભૂંસે, આમ કરતાં બહુ આનંદથી બહેનો પોતાનું નામ લખતાં શીખી ગયાં. હવે તો બધી જ બહેનો બેંકમાંથી સહી કરીને પૈસા ઉપાડે છે, અંગૂઠો પાડીને નહીં. એમના મુખ ઉપર આનંદ જોઈ અમારો હરખ વધ્યો.

## અભણ બહેનો પોતાનું અને પતિનું નામ લખતી થઈ ગઈ

જૂથના બહેન બચીબહેન એક વખત રોજી લેતા નામની સહી કરતાં અટકી ગયાં. "બચીબહેન શું વિચારો છો?" એમ પૂછતાં કહ્યું, "અમારા ગામમાં તો બે બચીબહેન છે. કંઈ નામમાં ગોટાળો થાય તો ..? મને તો મારું નામ લખતાં આવડી ગયું પણ....." શરમાતાં શરમાતાં બોલ્યાં, "મારે તો મારા પતિનું નામ પણ લખતાં શીખવું છે. તો તમે મને મારા પતિનું નામ લખતાં શીખવાડશો? "જ્યાં બહેનની આંતરિક પ્રબળ ઈચ્છા હોય ત્યારે અમારા ઉત્સાહની તો વાત જ શું કરવાની? બસ, બહેન તો પતિરાજનું નામ લખતાં શીખી પણ ગયાં. એમનું જોઈને જૂથની મોટાભાગની બહેનો પણ પતિનું નામ, અટક લખતી થઈ ગઈ છે. બચીબહેન તો ઘણી બધી બહેનોને માટે પ્રેરણારૂપ બની ગયા. હવે આ બહેનોને તે કાંઈ અભણ કહેવાય? જો તક મળે તો બહેનો ખૂબ ઊંચાં ઊંચાં સોપાનો સર કરી શકે છે, એવું નથી લાગતું?

# અમે અભણ બહેનો કેલ્કયુલેટર વાપરીને હજારોના હિસાબો કરતાં થઈ ગયા.....

હું પુષ્પાબહેન મુકેશભાઈ વસાવા, પાંચ ચોપડી ભણી છું. પણ સરવાળા અને બાદબાકી આવડે જ નહિ. કહોને કે સાવ અભણ જ. પરણીને ગામમાં આવી ત્યારે ઘરકામ સિવાય કાંઈ આવડતું ન હતું. મને નવુંનવું શીખવાનું ખૂબ ગમે. ઘરનું કામકાજ પતાવી નવરાશના સમયમાં પાપડ વણવાનું કામ શરૂ કર્યું. જેથી સમય પણ પસાર થાય અને ઘરમાં મદદરૂપ પણ થવાય. પાપડની કમાણીની સાથે અમે બચત પણ કરતાં. સંસ્થામાંથી બચતના સ્વતંત્ર જૂથો બનાવવાની વાત થઈ, જેમાં જૂથની બહેનોની બચતના હિસાબો બહેનોએ જ કરવા એવુ નકકી થયુ. મને ગ્રુપ લીડર (જૂથમાતા) બનાવવાની વાત હતી. હિસાબો મારે લખવા પડશે એ વિચારે બીક લાગતી હતી. પરંતુ સંસ્થાના કાર્યકર્તા બહેનોએ હિંમત આપી કે, "ડરશો નહિ, તમને બધુ જ શીખવાડીશું." તેઓએ દર માસની કમિટીની ટ્રેનિંગમાં હિસાબો કરતાં શીખવાડયુ. શરૂઆતમાં સરવાળા કરવાના ન ફાવે. તેથી મશીન (કેલ્કયુલેટર) આપ્યું. અંગ્રેજીમાં આંકડા ન ફાવે તો ૧ થી ૯ અંગ્રેજીના આંકડાઓ શીખવાડયા. પછી તો હું અને મારી સાથેની બીજા જૂથની જૂથ માતાઓ ફટાફટ લાખોના હિસાબો કરવા લાગ્યા. હિસાબો સાચા પડે તેથી મશીન વાપરવાની મજા આવતી.

પછી તો અમારા ઘરવાળાને પણ શીખવાડયુ. તેઓ પણ એમની કંપનીના હિસાબો કરવાના હોય તો કેલ્કયુલેટર પર જ હિસાબો કરે છે. અમને સંસ્થામાંથી જે કઈ માર્ગદર્શન મળતું તે અમને ઘરમા પણ ઉપયોગી થવા લાગ્યું છે એનો અમને ઘણો આનંદ થાય છે.

## ૮. ઘરેલું હિંસા વખતે માએ કરેલા સામનામાંથી શીખીને

જાતીય સતામણી તે માત્ર એકવીસમી સદીનો જ પ્રશ્ન નથી. ૧૯મી સદીમાં મા શારદા પણ ઘરેલું હિંસાના ભોગ બનેલા. મા શારદાએ આ વખતે પોતાનું રક્ષણ કેવી રીતે કરેલું તેની સમજ મા શારદાની જન્મજયંતી ઉજવણી પ્રસંગે નાટકો દ્વારા આપેલી.

**ઘરેલુ હિંસા :** એકવાર હરિશ નામના એક જાણીતા પુરુષ ભકતની દાનત મા ઉપર બગડી. તે માનો પીછો કરે છે માએ એની ખરાબ વૃત્તિ સમજી જાય છે. મા અનાજના કોઠારના ફરતે દોડવા લાગે છે. હરીશ માની પાછળ પાછળ દોડીને કોઈપણ રીતે પીછો છોડતો નથી તે જોઈને માએ તેને ભોંય પર પછાડી તેની છાતી પર ઘુંટણ રાખી તેની જીભ ખેંચી અને ગાલ પર તમાચા મારે છે. તમાચા મારીને માના હાથ પણ લાલ થઈ જાય છે. હરીશ હું હું કરીને હાંફવા લાગે છે અને થાકીને ચાલ્યો જાય છે.

માએ જે રીતે પોતાની કોઠાસૂઝ, આત્મબળ અને હિંમત રાખીને પોતાનો બચાવ કરેલો તેમાંથી પ્રેરણા લઈને વીણાએ પોતાનો બચાવ કેવી રીતે કર્યો તેના અનુભવની વાત વાંચીશુ.

### ચાલો કોઠાસૂઝ વાપરીને જાતીય સતામણીનો સામનો કરીએ.....

**મારુ નામ વીણા.** હું મારા ગામથી રોડ પર જયાંથી બસ કે અન્ય બધા વાહન મળે છે ત્યાં સુધી રોજ આશરે દોઢ–બે કિ.મી. ચાલતી આવી બસ પકડી ભરૂચ કોલેજમાં ભણવા જતી. રોજ પ્રમાણે ઘરેથી નીકળી ત્યાં અચાનક બે જણ મોઢું ઢાંકી પાછળથી આવી અને મારી ઓઢણી ખેંચી મારા મોઢા ઉપર ઢાંકી મને ખેતર તરફ લઈ ગયા તે વખતે ઓઢણી ખેંચી બચવા પ્રયત્ન કર્યો ત્યારે તેઓ મને મારવા લાગ્યા. બ્લેડના ઘા માર્યા. જમીન પર પછાડી એવું બે–ત્રણવાર કર્યું. એવામાં જમીન પર જ કાદવ હતો તે મારા બંને હાથમાં લઈ આ બંને અજાણ્યા હેરાન કરતા માણસોના આંખ પર મે કાદવ ફેંકયો. આંખમાં કાદવ જતા જ બંનેની આંખો બંધ થઈ ગઈ. આંખોમાં ગયેલ કાદવ કાઢવામાં રહ્યા અને મેં તરત ઊઠી મોબાઈલ પર ફોન કરી મારા ભાઈને બોલાવ્યો. ભાઈએ આવી પરિસ્થિતિ જોઈ તરત જ પોલીસ સ્ટેશને મને લઈ ગયા અને એ અજાણ્યા યુવાનો સામે ગુનો દાખલ કર્યો.

# હું જાણીતા નરાધમની ચુંગલમાંથી બચી ગઈ

**મારું નામ હંસા.** મારૂ ગામ ઝઘડિયાથી નજદીક આવેલુ છે. નજીક એટલુ કે ચાલીને ઝઘડિયા આવી શકાય. ઝઘડિયાની શાળામાં જ આર્ટસમાં ધો.૧૨ સુધી ભણી. હું નર્સીગ આસીસ્ટન્ટની તાલીમમાં જોડાઈ ગઈ. અમને નર્સીગ આસીસ્ટન્ટની તાલીમ લેતી બધી બહેનોએ સ્વરક્ષણની તાલીમ લેવી પડી.


મારા જીવનમાં સ્વરક્ષણની તાલીમ આટલી જલ્દી અને આવી રીતે કામ લાગશે એની મને કલ્પના ન હતી. રોજની માફક હું મારા ગામથી હોસ્પિટલ ચાલતી આવતી હતી. રસ્તો થોડો અવાવરો એટલે રસ્તા પર ખાસ કોઈ બીજી વ્યકિત હતી નહીં. પાછળથી કોઈ મોટરનો અવાજ સંભળાયો અને મેં પાછળ વળીને જોયુ તો કોઈ ગાડી આવતી હતી. એમના કામે આવતી હશે એમ મેં માન્યુ. હું મારા રસ્તે ચાલતી રહી. પેલી કાર મારી એકદમ નજીક આવીને ઊભી રહી ગઈ. તેમાંથી એક છોકરો બહાર નીકળ્યો. એને જોતાં જ મને ખ્યાલ આવી ગયો કે મારી સામે રહેતો છોકરો જ છે. તેણે રસ્તો રોકી મારો હાથ પકડી લીધો અને મને કહેવા લાગ્યો કે ચાલ મારી સાથે. મેં હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યો. મારા હાથમાં મોબાઈલ ફોન હતો. તેમાંથી મારા ભાઈને ફોન કરવા જતા તેણે મારો ફોન છીનવી લીધો. મેં તેની સાથે જવાની ના પાડી તો તેણે ખેંચીને મને વાનમાં બેસાડી દીધી. હું થોડી ગભરાઈ ગઈ અને શું કરવુ તે સમજ નહોતી પડતી. મને બળજબરીથી ગાડીમાં બેસાડીને તે ડ્રાઈવરની સીટ ઉપર બેસવા જતો હતો તે મોકાનો લાભ લઈ વાનનું બીજી તરફનું બારણુ ખોલી હું તેની ચુંગલમાંથી ભાગી છૂટી. દોડીને નજીક એક કાકા પાસે પહોંચી ગઈ. કાકા પાસે ફોન માંગ્યો અને મારાભાઈને ફોન કરી ઝડપની બનેલ ઘટના કહી અને જલ્દી આવીને મને લઈ જવા જણાવ્યું.

પેલો છોકરો મને કાકા જોડે વાત કરતો જોઈ, વાન લઈ ભાગી ગયો. આથી મારા પપ્પા, ભાઈ બધા સાથે અમે સીધા પોલીસ સ્ટેશને ગયા. મેં હિંમત કરી આખી ઘટનાની વિગતે માહિતી પોલીસને આપી ફરિયાદ નોંધાવી.

# ૯. કૌશલ્ય કેળવણીના હિમાયતી માના જીવનમાંથી

મા શારદાને શાળાનું પગથિયું ચઢવાની તક મળી ન હતી. છતાં તેઓ સૂતર, શણ અને રેશમમાંથી સુંદર ઓશિકા, તકિયા અને પંખા બનાવતા. સાલ ૧૯૧૨–૧૩માં શરૂ થયેલી સ્વદેશી ચળવળ વખતે ચરખો કાંતવાની ઈચ્છા પણ દર્શાવેલી. એમ માએ તેમની શિષ્યા સરલાને નર્સિંગ ટ્રેનિંગ માટે પણ હોસ્પિટલમાં મોકલેલી. આમ મા શારદા જાણે કે બહેનો માટે શિક્ષણ અને કૌશલ્ય કેળવણીની હિમાયત કરી રહ્યા હોય એવું લાગે છે.

આજના સુધરેલા કહેવાતા કુટુંબોમાં પણ કયારેક દીકરીઓને ઉચ્ચ અભ્યાસ કરવાની ખૂબ ઈચ્છા હોય ત્યારે મા–બાપ પોતાની જાતિના વગદાર ઘરના છોકરાનું માંગુ આવે ત્યારે તેનો અભ્યાસ અધૂરો મૂકાવીને પરણાવી દે છે. આવી દિકરીઓ આર્થિક રીતે સક્ષમ ન હોવાને લીધે કયારેક પરાવલંબી જિંદગી જીવવી પડતી હોય છે. અમારા સદ્‌નસીબે ઝઘડિયા ગામમાં શરૂ થયેલ શારદા મહિલા વિકાસ સોસાયટી અને સેવા રૂરલમાં દીકરીઓ માટે નર્સિંગ આસીસ્ટન્ટ, લેબ. આસીસ્ટન્ટ, સીવણ કલાસ શરૂ થયા. અમારામાંથી જે બધા ૧૦ ધોરણ પાસ થયેલા એ બધાને જ નર્સિંગ આસિસ્ટન્ટની તાલીમમાં જોડાવાના મોકો મળ્યો અને તેમાં જોડાઈ તાલીમ પૂરી કરી અને સંસ્થામાં અને બીજી સુરત/ ભરૂચની હોસ્પિટલોમાં નોકરી કરતાં પણ થઈ ગયા. આ બધી છોકરીઓને જોઈને પછી તો અમારા કામોની બીજી દીકરીઓ પણ તાલીમમાં જોડાઈ ગઈ.



# પોતે સુખી થઈએ અને બીજાને સુખી કરીએ....

**મારું નામ રોશની.** ઝઘડિયાના ઊંડાણમાં આવેલ ગુંડેચા ગામની હું વતની. મને ભણવાનું તો ગમતું જ નહીં. પરંતુ ત્રણ ચોપડી પાસ પિતાની ઈચ્છા હતી કે મારી દીકરી ભણીગણીને પગભર થાય એટલે મને ભણવા માટે પ્રોત્સાહિત કરી. મેં બારમા ધોરણની પરીક્ષા પાસ કરી. ધો.૧૨ પછી હવે શું? આગળ કંઈ કરવુ હોય તો પણ અમારા ગામમાં તો કોઈ તક હતી જ નહી એટલે બહાર તો જવુ જ પડે. મને પણ બહાર નીકળવાનો ડર.

એવામાં અમારા ઓળખીતા એક આશા કાર્યકર બહેને સેવા રૂરલ સંસ્થામાં નર્સિંગ તાલીમના ઈન્ટરવ્યુ છે એવુ જણાવ્યુ. ખબર પડતાં જ મારા પિતાએ તરત જ મને અરજી કરવાનું કહ્યું. પિતાના કહેવાથી ઈન્ટરવ્યુ આપવા તો જઉં એવુ નકકી કર્યું. થોડી હિંમત કરીને ઈન્ટરવ્યુ આપ્યો અને જવાબો પણ સરસ અપાયા અને મારી પસંદગી થઈ ગઈ.

પછી તો સંસ્થાએ જણાવેલા દિવસે ગામ, ઘર, મા–બાપ બહેનપણીઓ બધાથી દૂર ઝઘડિયા આવી. આ બધુ છોડીને આવવાનું ગમતુ નહોતું. તેમાં પાછું અમારું રહેવાનું સંસ્થામાં નહી પરંતુ સંસ્થાથી દૂર ૩ કિ. મી. લીમોદરા ગામમાં. ત્યાંથી રોજ ચાલતા આવવાનું, સવારે વહેલા ઊઠી ચા–નાસ્તો અને બપોરનું જમવાનું બધુ જાતે જ કરી, પાછું સવારે ૭–૩૦ વાગ્યે તો ડયુટી પર પહોંચી જવાનું. ઘરે તો મમ્મી તૈયાર રસોઈ આપતી. અહી તો બધો સામાન પણ જાતે જ લાવવાનો. આ બધુ કરતા રડવું આવી જતું. શરૂઆતમાં હોસ્પિટલમાં રાઉન્ડ લેતાં જાતજાતના દર્દીઓ જોયા, ડિલેવરી જોઈ, વાઢકાપ અને ડ્રેસીગ વખતે દર્દીના પરસેવાની ગંધ અને લોહી નીકળતું જોઈને ચક્કર આવી જતાં. બે–ત્રણવાર તો ભાગી જવાનો પ્રયત્ન પણ કરેલો, પરંતુ ઘરે ગઈ ત્યારે પિતાજી સમજાવતાં કે જીવનમાં આવુ તો આવ્યા જ કરે. આમાંથી જ

શીખાય, પ્રયત્ન કરીએ તો આગળ વધાય. આમ પિતાજી આગળ વધવા ખૂબ પ્રોત્સાહિત કરતાં એટલે પછી તાલીમ પુરી કરી કંઈક બનવુંછે એવુ નકકી કર્યુ. તેમાં ખાસ તો બે–ત્રણ મહિના પછી પરીક્ષા આવી. અત્યાર સુધી ચોપડીઓ વાંચીને પરીક્ષા આપવાની હતી. જવાબો લખતી વખતે ન આવડે તો નાપાસ થવાય, અહીં તો જીવતા વ્યકિત સાથે કામ કરવાનું હતું, કંઈક ઊંધુચત્તુ થઈ જાય તો કોઈનો જીવ પણ જાય આવો ડર હંમેશા રહેતો. જેમ તેમ કરી પરીક્ષા તો આપી અને બીજા નંબરે પાસ થઈ ગઈ. મારામાં આત્મવિશ્વાસ વધ્યો. પછી તો મને અહીં જ ગમે, બધા સાથે મજા આવે. જુદા જુદા કાર્યક્રમોમા, કવીઝમાં અને ખાસ તો સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવાનું મળે, પ્રવાસમાં ફરવા જવાનું અને સાથે સાથે શીખવાનું.

મને સુરત 'મધર ડે' હોસ્પિટલમાં નોકરી મળી ત્યારે પહેલાં આટલે દૂર જવાનું એટલે પપ્પા જરા અચકાતાં હતા ત્યારે મેં આત્મવિશ્વાસથી કહ્યુ 'પહેલા ઝઘડિયા પણ અજાણ્યું હતું ને ત્યારે તમે મને હિંમત આપી મોકલી હતી, હવે હું મારી જાતે સક્ષમ થઈ છું એટલે તમે ચિંતા ન કરતા હું સુરત સારી રીતે રહી શકીશ.

બસ મારે તો છેલ્લે મારા જેવી છોકરીઓને એટલુ જ કહેવુ છે કે ડર કે સંકોચ રાખ્યા વગર હિંમતપૂર્વક મહેનત કરીને સ્વાવલંબી બનવું જોઈએ. **પોતે સુખી થઈએ અને બીજાને સુખી કરીએ.**

## ઓછું ભણેલી દીકરીઓ પણ સીવણ તાલીમ લઈને કુટુંબનો મોભ બની ગઈ....

**મારું નામ કલ્પના.** મારું પિયર ઝઘડિયા ગામમાં. મારે મમ્મી – પપ્પા, ત્રણ બહેનો અને એક ભાઈ. પપ્પા અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં કામ કરે. અમે ત્રણે બહેનોએ ધોરણ ૧૦ સુધીની પરીક્ષા પાસ કરી હતી. વધારે ભણવાની ઈચ્છા છતાં અમે બહેનો ભણી શકી ન હતી, કારણ પૈસાની અગવડ. અમને બહેનોને ઘરની આવક કઈ રીતે વધારી શકાય તે મનમાં રહ્યા કરતું. અમે બહેનો તો વધારે ભણી ના શકયા પરંતુ અમારો નાનો ભાઈ વધારે ભણે એવું અમે ઈચ્છતા હતા.

જયારે શારદા મહિલા વિકાસ સોસાયટીના ગારમેન્ટ વિભાગમાં કામ કરવાની તક મળી ત્યારે મને બાળકો અને બહેનોના જ કપડાં સીવતા આવડતું હતુ. ભાઈઓના શર્ટ–પેન્ટ જેવા કપડાં સીવતા બિલકુલ આવડતું નહોતુ. સમય જતાં દરેક જાતના કપડા, તે પછી ઈન્ડસ્ટ્રીઝના ભાઈઓના યુનિફોર્મ હોય કે પેન્ટ – શર્ટ, બોઈલર શુટ હોય, ઈન્ડસ્ટ્રીઝની જરૂરિયાત પ્રમાણે બનાવી શકતી. પછીથી તો મારુ ફીનીશીંગ પણ એવું સરસ થવા માંડયુ કે મારા સુપરવાઈઝર બહેન મારી પાસે સેમ્પલ બનાવીને કંપનીમાં મંજુરી માટે મોકલતા થયા. વર્ષે દહાડે રૂા.૪૦,૦૦૦/– નું કામ કરતી થઈ ગઈ.

**મારું નામ ભાવિકા.** ઘરની પરિસ્થિતિ એવી કે માંડ ૭ ધોરણ સુધી જ ભણી શકી. એ સંજોગોમાં નોકરી તો કયાંથી મળે? સરકાર તરફથી ચાલતા કલાસોમાં તાલીમ તો અમારામાંથી ઘણાએ લીધી હતી. પણ ખાસ કાંઈ આવડે નહી. શારદા મહિલા વિકાસ સોસાયટીમાં અમે ફરીથી તાલીમ લીધી અને પોતાના પિયરમાં તેમજ સાસરીમાં મદદરૂપ બની રહી છે.

મારા ઘરની વાત કરું તો અમે છ જણા. મોટી બહેનના લગ્ન થઈ ગયા છે. હું રહી વચેટ અને મારા નાના ભાઈ – બહેન હજુ ભણે છે. આમ તો ઘરકામ કરતી હતી. મને મનોમન થયા કરતું કે હું કેવી રીતે મારા

ઘરમાં મદદરૂપ થઈ શકું ? મારા નાના ભાઈ અને બહેનની પણ મને ચિંતા રહેતી. તે દરમિયાન શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા ચાલતા ગારમેન્ટ વિભાગમાં મને કામ મળ્યું. સીલાઈ કરવાનું મને આવડતું હતું પણ સોસાયટીમાં તો હાઈ સ્પીડ સુઈંગ મશીન પર કામ કરવાનું હતું મારા માટે તે નવું હતું. અહી ઝભલા, ટોપી, શર્ટ, બોઈલર સુટ વિગેરે તૈયાર કરવાનું જલ્દીથી શીખી લીધું. પરંતુ પેન્ટ સીવવાનું અઘરૂં અને કંટાળાજનક લાગતું. સંસ્થા દ્વારા મને પેન્ટ સીવવાની તાલીમ આપવામાં આવી. એ પણ શીખી ગઈ અને એ રીતે મારું કામ સંતોષકારક થવા માંડયું. હું જયારે જોતી કે મારું સિલાઈનું ફીનીશીંગ પણ ઘણું સારું છે ત્યારે મને આનંદ થતો. રોજ સવારે સમયસર આવી જતી કેમ કે જેટલું વધારે કામ કરી શકું તેટલું મને વધારે કમાવાનું મળે. હું જો કે બચત જૂથમાં જોડાઈને દર મહિને બચત કરતી પરંતુ બાકીના પૈસા હું મારા ઘરે મારી મમ્મીને આપતી. મહિને દહાડે રૂા. ૫૦૦૦/– ની કમાણી કરી ઘરે આપતા મને ખૂબ આનંદ અને ગૌરવ થતા. મારા લગ્ન પછી મારી આવક બંધ થશે. આથી મારી નાની બહેન માટે ગારમેન્ટ વિભાગમાં વાત કરી, જે મંજૂર થઈ. મારી બચતના રૂા. ૧૦,૦૦૦/– મારા લગ્નના ખર્ચ માટે મેં મારા મમ્મી – પપ્પાને આપ્યા. આમ લગ્નના ખર્ચનો બોજો ઓછો કર્યો.

**દિવ્યા** મારી નાની બહેન છે. જે ધો. ૯ સુધી જ ભણી. મારી બહેન પણ ત્યાં બધુ જ કામ શીખી ગઈ અને છેલ્લા કેટલાંક વર્ષોથી તો પેન્ટની સિલાઈ કરી રહીછે. હવે તો તેના પણ લગ્ન થઈ ગયા. દર વર્ષે સવા લાખથી દોઢ લાખ જેટલી કમાણી કરીને તે બંને ઘરને આર્શિવાદરૂપ બની રહી છે. હું તો બધી કુંવારી છોકરીઓને કહીશ કે સંજોગવશાત આગળ ન ભણાય તો કોઈ હુન્નરઉદ્યોગ મારી જેમ શીખજો. જેથી પોતાના કુટુંબને ટેકારૂપ થવાય.

અમે ૫૬૭ જેટલી દીકરીઓ અને બહેનો સીવણવર્ગની તાલીમ લઈને કુટુંબનો મોભ બની ગયા છે.

# ૧૦. માના ક્રાંતિકારી જીવનમાંથી....

મા શારદાએ ૧૯મી સદીમાં લગ્ન સંદર્ભમાં, વિધવાઓના સંદર્ભમાં, કન્યા કેળવણી જેવા વિષયોમાં ક્રાંતિકારી પગલા લીધેલા. તે જમાના પ્રમાણે તેમને નાની ઉંમરે લગ્ન કરવા પડેલા, છતાં મોટા થતાં તેમના વિચારો આધુનિક હતા. જે દીકરીઓ લગ્ન જીવન પસંદ ન કરતી હોય તેઓને લગ્ન કર્યા સિવાય કુંવારા રહેવાનું પ્રોત્સાહન પણ આપતા. વળી કેટલાક મા–બાપો દીકરીઓને જબરજસ્તીથી પરણાવાનું દબાણ કરતા ત્યારે તેઓ સલાહ આપતા કે તેઓને વિદ્યાલયમાં ભણવા મૂકી દો. તેઓ નવુ નવુ શીખશે, આનંદમાં રહેશે અને તેઓનું અને બીજાનું પણ ભલું કરશે. જેને લગ્ન ન કરવા હોય તેને પરાણે પરણાવીને સંસારમાં નાંખવી તે અન્યાય છે. આખું જીવન બીજાનું દાસત્વ કરી વિતાવવું અને બીજાની મનમરજી પ્રમાણે ચાલવું તે ઓછું કષ્ટ છે. આવી દીકરીઓને પોતાના પગ પર ઉભા રહીને સ્વાવલંબી જીવન જીવતા શીખવાડવું તે અગત્યનું છે.

મા શારદા પોતે પણ ૩૩ વર્ષની ઉંમરે વિધવા થયેલા ત્યારે તે રુઢિચુસ્ત સમાજની વચ્ચે રહીને ગામલોકો અને કુટુંબીજનોનો ત્રાસ વેઠીને તે બધાની સામે અડીખમ રહીને માથાના વાળ કપાવ્યા વગર, લાલ કિનારની નાની પટ્ટીવાળી સાડી તેમજ હાથમાં સોનાના કંકણ પહેરવાનું ચાલુ રાખેલું. આમ માએ લગ્ન તેમજ વિધવાના સંદર્ભે લીધેલા પગલાંઓ તેમજ આપેલી શીખામણો એ એક સામાજીક ક્રાંતિના પગલાં રૂપ છે. નાની ઉંમરે વિધવા બની ગયેલ બેન નીતા અને ભાનુબેન તેમના બાળકોના મા–બાપ બની ગયા તેની વાતો કરી.

કન્યા કેળવણી સંદર્ભમાં પણ માના વિચારો ક્રાંતિકારી જ હતા. માના સ્ત્રી શિષ્યાઓએ માની ભત્રીજી રાધુંને શાળાએ ન મોકલવાનો આગ્રહ કરેલો. ત્યારે માએ વાંધો ઊઠાવીને તેને સ્કુલે ભણવા મોકલેલી. આ ઉપરાંત બીજા શિષ્યની દીકરીઓને પણ શાળાકીય અભ્યાસ માટે પ્રોત્સાહન આપતા અને તેમને જાતે નિવેદિતા કન્યાશાળાનું ઉદ્‌ઘાટન પણ કરેલું. આમ અભણ માએ આદર્શ કન્યા કેળવણીની દિશાનું પ્રથમ પગલું ભરીને આદર્શ પૂરો પાડયો. આજે અમારા ગ્રામિણ જૂથની ઘણી બહેનોને ભણવાની અગત્યતા સમજાઈ. તરલાબહેને તેની દીકરીને ભણવાનું છોડાવી દીધેલું. તેણે ફરીથી ભણવાનું શરૂ કર્યુ. કેટલીક બહેનોએ એમની દીકરીઓને બી.એ., બી.એસ.સી. કે ડીપ્લોમાં એન્જીનિયર બનાવી દીધી. બે બહેનોની દીકરીઓ તો ડોકટર પણ થઈ ગઈ. એવી જ એક ડોકટર દીકરીની વાત વાંચીએ.

## હું વિધવાબેન, મારી દિકરીની મા અને બાપ બંને બની ગઈ

મારું નામ નીતા બહેન. હું ૩૦ વર્ષની બહેન છું અને મારે ૬ વર્ષની એક દીકરી પણ છે. હું બી.કોમ સુધી ભણી છું સાથે સાથે મોન્ટેસરી અને કોમ્પ્યુટર પણ શીખેલી. ૨૨ વર્ષની ઉંમરે મારા લગ્ન થયા. અમારું કુટુંબ બહુ સુખી હતું. ધુળેટીના એક ગોઝારા દિવસે અમે સૌ કુટુંબીજનો નર્મદા સ્નાન અને પાણીમાં રમવાની મજા માણવા નર્મદા કિનારે ગયેલા. પાણીમાં દીકરી અને કુટુંબીજનો સાથે મજા કરતા કરતા મારા પતિ અચાનક નર્મદાના પાણીમાં ખેંચાઈ ગયા.

થોડા દિવસ તો હું સુમસામ બેસી રહેતી, હવે શું કરવું તેનો વિચાર કરી શકવાની મારામાં તાકાત નહોતી. થોડા દિવસ બાદ ભગવાને મને જે પરિસ્થિતિમાં મૂકી તેનો મે ના છૂટકે સ્વીકાર કરી લીધો. હવે શું ? મારા પરિવારજનો શારદા મહિલા વિકાસ સોસાયટી સંસ્થાના કામથી પરિચિત હતા અને મેં પણ સાંભળ્યું હતું કે આ સંસ્થા બહેનોને આગળ વધવાની ઘણી તક આપે છે. મને પણ આ સંસ્થામાં કામ કરવાની તક મળી. સંસ્થાના ટયુટોરિયલ વિભાગમાં શિક્ષિકા બહેન તરીકે મને નોકરી મળી.

પહેલા હું કદી પણ કશે એકલી જતી ન હતી. પરંતુ આ સંસ્થામાં જોડાઈ ત્યારે અહીથી ધરમપુર અમારે બે બહેનોએ તાલીમમાં જવાનું હતું. પરંતુ અમે બન્ને બહેનોએ ધરમપુર જોયુ ન હતું. અમે બહેનો આટલે દૂર સુધી એકલા ટ્રેનમાં / બસમાં ગયા અને ઘણું બધુ નવુ શીખીને પાછા આવ્યા.

હવે તો મારી દીકરીને ભરૂચમાં ઈંગ્લિશ મીડીયમ સ્કુલમાં ભણવા મૂકી છે. તેના ભણવાનો લગભગ રૂા. ૫૦ જેટલો ખર્ચ પણ હું ખુશીથી કરું છું. મને મનગમતાં ઘરેણા, કપડા પહેરું છું. ખાવુ છું, પીવું છું અને ઘરની બહાર કોઈપણ કામ હોય તો એકલી જઈને કરું છું.

# મારા બાળકોને મેં બાપની ખોટ પડવા ન દીધી

મારું નામ ભાનુબહેન. હજુ એ સમય યાદ છે, જયારે આશા અને ઉમંગથી ભરેલી હું મારા સાસરે ઝઘડિયા આવી હતી. અમારૂ નાનુ કંટુંબ જેમાં અમે બે અને અમારા બે દીકરા અને એક દીકરી. બાળકો નાના હતા અને મારા પતિ ગુજરી ગયા. ઘરની અને બાળકોની જવાબદારી મારા શીરે આવી. વાત ભૂતકાળની છે છતાં એ ભુલી નથી. કંઈક આવક ઊભી કરવા પાપડ વણવાનું શરૂ કર્યુ. એ જોઈને લોકો જાતજાતની વાતો કરે.

પછી તો મને કોર્ટમાં થોડા કલાકની નોકરી મળી. અને ત્યારબાદ બેંકમાં. તેથી પાપડ વણવાનુ ચાલુ રાખવાનુ શકય નહોતુ. પરંતુ મારે મન મારું સંસ્થા સાથેનું જોડાણ અમૂલ્ય રહ્યું છે. તેથી પાપડ વણતી ન હતી છતાં બચત જુથમાં ચાલુ રહી છું. રજા હોય કે જયારે સમય મળે ત્યારે પાપડ વણીને મારી વધારાની રોજી ઉભી કરી લઉં છું. તે ઉપરાંત બચત જૂથમાંથી ધિરાણ લઈ ઘરવખરી વસાવી અને બાળકો પણ ભણાવ્યા. એ બધુ મારી મહેનતથી એકલે હાથે પાર પાડયું જેના માટે મને ગૌરવ અને આનંદ છે.

હવે રહી મારા બાળકોની વાત. હું ભલે એકલી રહી પરંતુ મહેનત અને દોડાદોડ કરીને પણ મારે મારા બાળકોને ભણાવવા હતા. બંને દીકરાએ આઈ.ટી.આઈ. પાસ કર્યુ. એક મિકેનીકલ લાઈનમાં જયારે બીજાએ આઈટીઆઈ બાદ સીએનસીનું પણ કર્યુ છે. બંને ઈન્ડસ્ટ્રીઝમાં કાર્યરત છે.

મારે મારી દીકરીની વાત કરવી છે. દીકરી ભણવામાં હોશિયાર. એને ભણવામાં અને મહેનત કરવામાં રસ. દીકરીએ કોલેજમાં ભણવાનું શરૂ કર્યુ તો કુટુંબીજનો અને ગામવાસીઓ મહેણા મારતા. છોકરીને ભણાવી રહી છું તો પછી ભણેલી છોકરીને કયાં વળાવીશ ? પરંતુ હું હિંમત ન હારી. દીકરી બી.કોમ. થઈ. ત્યાર બાદ એક વર્ષનો કોમ્પ્યુરનો કોર્ષ કર્યો. ત્યારબાદ એમ.કોમ. કર્યુ. ઝઘડિયામાં જ તાલુકા પંચાયતની ઓફિસમાં ડેટા એન્ટ્રીના કામ માટે નોકરી કરે છે. હવે તો થોડા મહિનામાં લગ્ન પણ લેવાના છે. અને હા..... છોકરો સરસ મળ્યો છે. એન્જીનીયર થયેલો અને નજીકના વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીમાં સારા પગારે કામ કરે છે.

આમ વિપરિત સંજોગોમાં સગાવહાલાના મ્હેણાંટોણાં સાંભળતા છતાં, મારી મહેનત, હિંમતને પરિણામે મારા બાળકોને એના પિતાની ખોટ પડવા નહી દીધી.

# મને 'દીકરીને ગરીબોની સેવા કરવાની તક મળી

**મારું નામ શિવાની.** મારી મમ્મી અરૂણાબેનનું પિયર વડોદરામાં. નાનપણમાં એમને ભણવાની ખૂબ જ હોંશ હતી. પરંતુ એમના પિતાના મૃત્યુ બાદ એમના કુટુંબની પરિસ્થિતિ ખૂબ જ વિકટ બની અને ભણવાનું છોડીને એમની માતા સાથે અડોસપડોસમાં છૂટક મજૂરી કરવાની ફરજ પડી અને તે ભણી શકી નહીં. થોડા સમય પછી એમના લગ્ન થયા અને ઝઘડિયા આવીને રહ્યા. પછી એમને બે બાળકના જન્મ થયો. પોતે ન ભણી શકયા પરંતુ બાળકોને ભણાવવા એ જ એમના કેન્દ્રસ્થાને હતુ.

મને નાનપણથી જ ભણવામાં રસ અને હોશિયાર પણ ખરી, એટલે મારી મમ્મીએ નક્કી કર્યું કે 'દીકરીને તો ભણાવીને જ રહેશે.' મને ધોરણ ૧૨ સાયન્સ પાસ કર્યા પછી વડોદરામાં હોમિપેથી કોલેજમાં એડમિશન મળી ગયું. વડોદરા શહેરમાં રહેવાનું તેમજ કોલેજનો ખર્ચ વધારે. પરંતુ મારી મમ્મી હિંમત હાર્યા વગર લોન લઈને પણ મને ડોકટર બનાવી. સેવા રૂરલ હોસ્પિટલમાં જ મને નોકરી પણ મળી ગઈ. બે વર્ષ હોસ્પિટલમાં કામ કર્યા બાદ મારા લગ્ન થઈ ગયા અને મારે હોસ્પિટલમાંથી વિદાય લેવી પડી.

મારા લગ્ન જીવનમાં ખૂબ મુશ્કેલીઓ આવવાથી હું છુટાછેડા લઈને પીયર પાછી આવી ગઈ. મારા સદ્‌નસીબે મને ફરીથી હોસ્પિટલમાં કામ પણ મળી ગયું આમ મને ગરીબોની સેવા કરવાની તક મળી.

મારી અને મારી મમ્મીને દિકરીને ભણાવવાની ઈચ્છા પૂરી થઈ, તેનો અમને ખૂબ આનંદ છે.

# ૧૧. કર્મયોગી માના જીવનમાંથી...

મા શારદાએ કૌટુબિક તેમજ સામાજિક યોજલ અને જવાબદારીઓ કુશળતાથી અને વ્યવહારું દક્ષતાથી બજાવીને એક આદર્શ કર્મયોગી તરીકેનો દાખલો પુરો પાડેલો. મા શિષ્યો પાસેથી સ્વતંત્રતાની સાથે સાથે નકકી કરેલા નિયમો અને શિસ્તપાલનનો આગ્રહ રાખતા.વળી કહેતાં કે કોઈ કામ નાનુ કે મોટું નથી. બધા જ કામો ઈશ્વરની પૂજા ગણીને જ કરો.

## નાનામાં નાનુ કે મોટું કાર્ય પણ ભગવાનની પૂજા માનીને કરું છું

**મારું નામ ભાવિકા.** હું ભણીને એન્જીનીયર થઈ. લગ્નની ઉંમર થતાં સારૂ ઠેકાણું શોધી, માતા–પિતાએ સારી રીતે લગ્ન કરાવ્યા. લગ્ન પછી શરૂ થઈ મારી મુસીબતો. મારા પતિ ભણેલા ખરા અને નોકરી પણ સારી છતાં બોલવામાં જરાય ભાન ન રહે. બધાની સામે નાની નાની બાબતમાં મને ઉતારી પાડે. અધૂરામાં પૂરું પિયરીયાનું માન પણ ન રાખે. પરિણામે મને ખૂબ મન દુઃખ થતુ રહેતુ. છતાં મન મોટુ રાખી સહન કરતી રહી. થોડા સમય બાદ મને મહિના રહ્યા. સિમંત બાદ પિયર આવી અને પૂરા સમયે બાળકને જન્મ આપ્યો. આ સમય દરમયાન પણ પતિનું ગમે તેમ બોલવાનું પહેલાની માફક ચાલુ રહ્યું. મન અકળાઈ જતું. મન મક્કમ કરી મમ્મી–પપ્પાને જણાવ્યુ કે હવે મારે સાસરીમાં જવુ નથી. થોડા સમય બાદ પતિએ દીકરાના હિતને ધ્યાનમાં રાખી પોતાને ઘરે આવવા આગ્રહ કર્યો. મને પણ દીકરાનું હિત હૈયે રાખી સાસરે જવાનુ યોગ્ય લાગતા પતિના ઘરે આવી. રોજની ટકટક ચાલુ રહેતા એક મક્કમ નિર્ણય લીધો. મમ્મી–પપ્પાને વાત કરી અને આવી ગઈ પિયરમાં, ફરી સાસરીમાં કયારેય ન જવાના નિર્ણય સાથે.

હું એન્જિનીયર થયેલી એટલે બાળકોને પણ ગણિત–વિજ્ઞાન શીખવી શકુ, એ માટે શારદા મહિલા વિકાસ સોસાયટીમાં શિક્ષકની જરૂર. તરીકે નિમણૂંક થઈ. જે માટે પસંદગી થઈ ગઈ અને મારા જીવનનો નવો અધ્યાય શરૂ થયો. બાળકોને શીખવવાનું તો ગમતુ હતું. પરંતુ સંસ્થાના વાતાવરણની મારા પર ઘણી અસર પડી. વારંવાર થતી મીટીંગો, શિબિર, વાંચન, વાર્તાલાપો... એ બધામાંથી મને ઘણુ નવું નવું શીખવાનુ મળ્યું. સંસ્થામાં નવાં નવાં કામો શીખી જેવા કે કોમ્પ્યુટર, ટુ વ્હીલર ચલાવવું. જેથી કરીને નાનામાં નાનુ કે મોટું કાર્ય પણ ભગવાનની પૂજા માનીને કરું છું.

મા શારદા એક બાજુ શિષ્યોને સ્વતંત્રતા આપતાં પણ જરૂર પડે કડક નિયમ અને શિસ્ત પાલનનો પણ આગ્રહ રાખતા. શારદા મહિલા વિકાસ સોસાયટીના બચત જુથે એક બહેનને રૂા. ૧૦,૦૦૦/– ધીરેલાં. પણ નિયમ પ્રમાણે ભરપાઈ નહીં કરતી અને કહેતી હું પૈસા ભરવાની નથી તમારાથી થાય તે કરી લો. આ બંને જૂથની બહેનોએ નિયમનું પાલન કેવી રીતે કર્યું અને કરાવ્યું તે વાત વાંચીએ.

## નિયમો પ્રમાણે શિસ્તપાલન કરાવીને, વ્યાજ સહિત પૈસા ભરાવીને ઝંપ્યા

"હું પૈસા ભરવાની નથી. તમારાથી થાય તે કરી લો" આ શબ્દો હતા બચત જૂથના એક સભ્ય બહેનના. બહેન જયારે સભ્ય હતી ત્યારે રૂા. ૧૦,૦૦૦/– નું ધીરાણ લીધું હતું. નિયમ પ્રમાણે ધીરાણના ભરપાઈની મુદત એક વર્ષ હોય છે. વર્ષ પૂરું થતાં ધિરાણની ઉઘરાણી કરવાનુ બહેનોએ કહેવાનું શરૂ કર્યુ તે વખતે ધિરાણ લીધેલ બહેને ઉપરના શબ્દો કહ્યા. જુથની બહેનો સમક્ષ આ વાત મૂકાઈ અને ચર્ચાનો દોર શરૂ થયો. ચર્ચાના અંતે નકકી કરવામાં આવ્યું કે તે જૂથની બધી બહેનો ધિરાણ લીધેલ બહેના ઘરે જઈને પૈસાની માંગણી કરશે. પરંતુ કોઈ પણ બહેને ઉંચા અવાજે બોલવું નહી કે ઝઘડો નહી કરવાનો એવું નકકી કરવામાં આવ્યું. તે બહેનના ઘરે જે કોઈ પણ પરિવાર સભ્ય હોય કે વડીલ હોય તેઓને શાંતિથી વાત કરવી.

નકકી થયા મુજબ તે જૂથની બહેનોએ ભેગી થઈને તે બહેનના ઘરે જઈને વાત કરી. જવાબ મળ્યો. 'અઠવાડિયામાં પૈસા ભરાઈ જશે.' જૂથની બહેનોએ અઠવાડિયા સુધી રાહ જોઈ. પરંતુ પૈસા ભરાયા ન હતા. ત્યારબાદ બધ જ જુથોની આશરે ૩૫ – ૪૦ બહેનો ભેગી થઈને ધિરાણ લીધેલ બહેનના ઘરે ગઈ, ફરીથી તેઓએ શાંતિથી વાત કરી તે બહેનના ઘર ગઈ, શાંતિથી વાત કરી અને તે બહેને અઠવાડિયામાં વ્યાજ સહિત પૈસા ભરી દીધા. આમ બધી બહેનોએ ભેગા થઈને નિયમોનું પાલન કર્યુ અને કરાવ્યું.

# ૧૨. આર્થિક રીતે સ્વાવલંબી માના જીવનમાંથી

મા શારદા પતિની મહાસમાધિ બાદ ઘણીવાર મા શારદા પાસે પહેરવાના પૂરા કપડા ન હતા ત્યારે સાડીની ૧૦–૧૨ ગાંઠ મારીને પોતાના શરીરનું રક્ષણ કરતાં. વળી ખાવા માટે ઘણાં દિવસો માત્ર ભાત અને મીઠું ખાઈને પસાર કરતાં. પતિના ભત્રીજાએ દક્ષિણેશ્વર મંદિરમાંથી મળતું પેન્શન બંધ કરાવી દીધુ, ત્યારે માના શિષ્યોએ તે સામે વાંધો ઉઠાવીને જરૂરી પગલાં લેવાનું વિચાર્યું. મા શારદાએ શિષ્યોને તેમ કરતાં રોકયા. આમ પોતાના જીવન દ્વારા જાણે કે મા બહેનોને સ્વાવલંબી બનવાનો ઉપદેશ આપી રહ્યા છે. માના આ ઉપદેશને અમે ગામડાની ગરીબ બહેનો જીવનમાં ઉતારીને હિંમતપૂર્વક જીવીએ છીએ, તેની વાત કરીશું.

## અમે ગરીબ બહેનો સ્વાવલંબી બન્યા.....

**મારુ નામ રેવલીબેન..** ખારીયા ગામની વતની. પુષ્પાબેન કહે છે કે પણ ... અમારા સદ્નસીબે અમારા ગામમાં સંસ્થાની બે બહેનોએ આવવાનું શરૂ કર્યુ. કયારેક ફળિયામાં તો કયારેક ઘરે ઘરે જઈને અમને બહેનોને ઘરે બેસીને કામ કરવાની વાત કર્યા કરે. ૧૫–૨૦ દિવસ પછી હા – ના કરતા કરતા બે ચાર બહેનો પાપડ વણવા તૈયાર થઈ. આમાંથી બે બહેનોના છોકરા ધાવણા અને બે બહેનો કમરેથી ઝૂકી ગયેલી, કહોને કે જુવાનીમાં જ ઘરડી બની ગયેલી ન છૂટકે આવી ચાર–પાંચ બહેનો પાપડ વણવાનું કામ કરવા તૈયાર થઈ. તેઓએ નહી જવાનું ખેતરમાં કે નહી કરવાનું કામ ભારે તડકામાં, કે નહી ઉંચકવાના ચણતર કામના તગારા. ઘરે બેસીને જ બાળકોની અને ઘરની સંભાળ લેતા લેતા પાપડ વણીને કમાઈ લેતી ૫૦ થી ૧૦૦ રૂપિયા.

**પુષ્પાબેન** કહ્યું કે, પાપડ વિભાગની શરૂઆત થઈ ત્યારે અડદ દાળ દળવા માટે ઘરઘંટી જેવી નાની ઘંટીનો ઉપયોગ કરતા. હાથે લોટ બાંધતા અને મસળતા. પરંતુ કામ વધતા હવે લોટ બાંધવાનું મશીન, ટૂંપવાનું મશીન અને કપડા સીવવા માટે હાઈસ્પીડ મશીન ચલાવતા શીખીને તેનો ઉપયોગ કરી રહ્યા છીએ. શરૂઆત એક બહેનથી કરી જે આજે વધીને ૧૨૫–૧૫૦ જેટલી થઈ છે. જે બહેનો પોતાની રીતે કમાણી કરીને પગભર થઈ રહી છે.

વળી **સોમીબેન** કહે કે શરૂઆતના બધા રેકોર્ડસ જે હાથેથી લખાતા હતા તે આજે કોમ્પ્યુટરાઈઝડ્ થઈ ગયા છે. સ્ટાફની સહયોગી બહેનોને સઘન તાલીમ અપાય છે. ઓછું ભણેલી બહેનો જયારે કોમ્પ્યુટર પર કામ કરતી જોઈને અમને અનહદ્ આનંદ થાય છે.

**લલીબેન** કહે "આમ તો હું ચાર જ ચોપડી ભણેલી, એટલે મને હિસાબ લખતા ન આવડે. પણ પાપડ વણતાં વણતાં અમને બચત કરવાની સાથે બેંકની કામગીરી પણ શીખવાડેલી. મારા સસરાને ઈન્દિરા આવાસ યોજનામાં ઘર મંજૂર થયું, પણ બેંકમાં ખાતુ ખોલાવતા આવડે નહી. આથી હું સાથે ગઈ, ફોર્મ ભરી આપ્યું.

**રાધાબેને** કીધું "અમે ગરીબ કુટુંબની બહેનો છીએ, બે ટંક ખાવાનું મળે તે માટે અમારે ઘરની જવાબદારી ઉપરાંત કમાવાની જવાબદારી પણ ઉપાડવી પડે પણ અમારી પાસે ન મળે ભણતર, ન મળે કોઈ આવડત, એટલે કોઈ જીઆઈડીસીમાં મજૂરી કરે, કોઈ ખાણમાં પથ્થર તોડવા જાય, મેં એક જગ્યાએ નાસ્તા બનાવવા જવાનું શરૂ કર્યુ પણ ત્યાં જરા પણ સલામતી નહી. મારા ઓળખીતાએ કહ્યું, ત્યાંના જઈશ, તું સલામત નહી રહે પછી SMVSના નાસ્તા વિભાગમાં જોડાઈ. હવે મને શાંતિ છે, સલામતી છે, ચોખ્ખાઈવાળી જગા અને બહેનો માટે સુરક્ષિત પણ ખરી. અમારા નાસ્તા આસપાસની કંપનીમાં પણ જાય છે."

**મંજુબહેને** કહ્યું, "હું ત્રીજા ધોરણમાં ભણતી હતી અને મારા પિતાનું મૃત્યુ થયુ. મા મજૂરીએ જાય, તો ચાર નાના ભાઈ–બહેનને કોણ રાખે ? એટલે મારું ભણવાનું છૂટી ગયું. માની મજૂરીમાં ઘર ચાલે નહી, એટલે મે. SMVSમાંથી લોટ લાવી પાપડ વણવા માંડયા. પછી તો મા એ પણ મજૂરી છોડી પાપડ વણવાનું સ્વીકાર્યુ. બચત કરી, મારા લગ્નનો ખર્ચ કાઢયો. ભાઈ બહેન નાના, એટલે મારા ઘરવાળાને પણ પિયરમાં જ રહેવા સમજાવ્યા. એ પણ જયારે સમય મળે ત્યારે મને પાપડનાં કામમાં મદદ કરે છે.

ખેતરની અચોક્કસ મજૂરી કરતાં, પાપડ મને સલામતી આપે છે". થોડું ઘણું ભણેલી અને સીવણ કલાસ કરેલી બહેનો જોડાઈ ગઈ ગારમેન્ટ વિભાગમાં. શરૂઆતમાં એક બે મહિના અમે બધાએ તાલીમ તો લીધેલી જ, પણ બહુ અઘરું લાગતું માંડ મહિને દહાડે ૧૦૦ થી ૨૦૦ રૂા. કમાતા.

**ભૂમિકા** કહે કે "હું પાંચ વર્ષથી ગારમેન્ટ વિભાગમાં કામ કરું છું. અમે ત્રણ બહેન અને એક ભાઈ. ઘરની નબળી પરિસ્થિતિને કારણે અમે ત્રણે બહેનો દસમામાં જ ઊઠી ગયેલી. મેં ગારમેન્ટમાં કામ શરૂ કર્યુ ત્યારે મને શર્ટ–પેન્ટ સીવતાં આવડતું ન હતું. આજે તો હું બોઈલર સૂટ પણ સીવી શકું છું. ગયે વરસે મેં ૪૪,૦૦૦ (ચુમ્માળીસ હજાર) રૂા. નું કામ કરેલુ. મારી કમાણીમાંથી મારો ખર્ચો કાઢવા ઉપરાંત હું ઘર ખર્ચમાં મદદ કરું. હું. ભાઈને ભણાવું છું, બચત કરું છું, તથા લગ્ન માટે થોડાં ઘરેણાં પણ વસાવી શકી છું. મારી આ પ્રગતિમાં SMVSની શિબિર જુદા જુદા વિષયોનું વાંચન તથા કાર્યકરોનો બહુ મોટો ફાળો છે".

**કાળીબહેન** કહે કે "ત્રણ બાળકોનાં જન્મ પછી મારા છૂટાછેડા થઈ ગયા અને હું પિયર પાછી આવી. સીવણ કલાસ કર્યા પછી SMVSમાં તાલીમ લઈ ગારમેન્ટ વિભાગમાં જોડાઈ. મારા પગારમાંથી છોકરાઓને ભણાવું છું, ઘરમાં મદદ કરું છું, બચત કરું છું, ગીફટ અને પ્રવાસનો પણ લાભ લીધો છે. બેંકમાં જતાં પણ આવડી ગયું છે. લોકો સાથે વાત કરતાં પણ શીખી ગઈ છું" આવી તો અમે ૬૦૦થી પણ વધારે ગામડાની બહેનો પાપડ, ગારમેન્ટ કે નાસ્તા બનાવીને આનંદથી અમારા કુટુંબ સાથે બધાના સુખ દુઃખના ભાગીદાર બનીને જીવી રહ્યા છીએ.

# ૧૩. અભણ માએ બિરદાવેલ વૈજ્ઞાનિક શોધોને આધારે

મા શારદા પોતે અભણ હોવા છતાં પણ તેમના શિષ્યોને અને બ્રહ્મચારીને અંગ્રેજી ભાષા શીખવા માટે એક શિક્ષકની નિમણૂંક પણ કરેલી કે જેથી તેઓ દેશ–વિદેશની માહિતીથી જાણકાર થાય. વળી સાલ ૧૯૧૪ થી ૧૯૧૮માં મહાયુધ્ધ ચાલી રહ્યું હતું ત્યારે તેમના શિષ્યો પાસે લડાઈના સમાચાર પણ જાણી લેતાં. તે જમાનામાં વિજ્ઞાને શોધેલા અસંખ્ય નાના યંત્રો અને મશીનો ઉપરાંત ટેલીગ્રાફી, ટ્રેનની સગવડ વિગેર પણ લોકોના હિતને માટે જરૂર છે જ એમ કહીને એક વૈજ્ઞાનિકને છાજે તેવી સલાહ આપતાં.

અમે ગામડાની અર્ધશિક્ષિત બહેનોએ વૈજ્ઞાનિક શોધોએ આપણા જીવનને કેટલું સરળ બનાવી દીધું છે તેનો અનુભવ અમે જયારે મુંબઈનો પ્રવાસ કર્યો ત્યારે જ અનુભવ્યું. સંસ્થામાં જોડાયા તે પહેલા તો ગામની બહાર પણ જવું હોય તો ભાઈઓ વગર જઈ શકતા નહી. પણ મુંબઈના પ્રવાસમાં તો બહેનોએ ઘરવાળાને પણ સાથે લીધા, કેવી નવાઈ ! બહેનોએ ભાઈઓને મુંબઈનો પ્રવાસ કરાવ્યો. તો ચાલો મુંબઈના પ્રવાસની વાત બહેનોના શબ્દોમાં જ સાંભળીએ.

## અમે બહેનોએ એકલા એ કર્યો મુંબઈનો પ્રવાસ

ગારમેન્ટ કાર્યક્રમમાં સહભાગી ૩૨ સહયોગી બહેનો અને સ્ટાફ કાર્યકરોએ ટ્રેન દ્વારા મુંબઈ પ્રવાસ કર્યો. સૌપ્રથમ લોકલ બસમાં ગેટ વે ઓફ ઈન્ડિયા, એલિફન્ટાની ગુફા, સિધ્ધિ વિનાયક મંદિર, બૂટ હાઉસ, ચૌપાટી, છત્રપતિ શિવાજી મેમોરિયલ, હેંગિગ ગાર્ડન, સ્ટેડીયમ, મહાલક્ષ્મી મંદિર, મંત્રાલય, ન્યાયાલય, ચર્ચ, જૈન મંદિર, હાજી અલીની દરગાહ વગેરે જોયાં. ત્યારબાદ અમે બધા ખરીદી કરવા ઉપડી ગયા. તે માત્ર એક નાની દુકાન ન હતી પરંતુ બહુમાળી દુકાન હતી જેને લોકો મોલ કહે છે.

મોલમાં બધા જ પ્રકારની જીવન જરૂરિયાતની વસ્તુઓ મળે છે આ મોલમાં પગથીયા પણ ચઢવાના નહી. પગથીયા પર ઊભા રહીયે એટલે મશીન જ આપણને ઉપર– નીચે જયાં જવુ હોય ત્યાં લઈ જાય, તે જોઈ અમને ગામડાની સહયોગી બહેનોને આનંદ અને આશ્ચર્ય થયું. બહેનોએ નાની–મોટી ખરીદી પણ કરી. બેનો મુંબઈ જોવા ગયાં ત્યારે મુંબઈવાસીઓ ગામડાંની બેનોને જોતાં જ રહ્યાં. મોટા સમૂહમાં સાથે જવું, સાથે રસ્તાઓ ઓળંગવા, અસ્તાઓ આડંગતી વખતે અમે બધા એકબીજાનો હાથ પકડીને જતા. અમે રહેવા–જમવાની સામૂહિક વ્યવસ્થા અને વિશાળ નગરી તથા મહારાષ્ટ્રનું પાટનગર મુંબઈ જોઈ બહુ ખુશ થઈ ગયા.

# અમને ભાન થયુ દીકરીઓને જન્મ આપવા માટે હું ગુનેગાર નથી

**મારૂ નામ દમયંતી.** ઝઘડિયાથી નજીકનાં ગામમાં મારી સાસરી. હું ત્રણ ત્રણ દીકરીઓની મા બની છું ત્યારથી મારી દીકરીઓનું અને મારૂં જીવન દુઃખી દુઃખી થઈ ગયું છે. મારી જેઠાણી એટલી બધી નસીબદાર છે કે એણે બે–બે દીકરાઓને જન્મ આપ્યો છે. ઘરમાં જયારે પણ સારી કે નવી વસ્તુઓ લાવવામાં આવે તો પહેલા બધું એના છોકરાઓને મળે. થોડા દિવસ પહેલા મેં વાત સાંભળી કે મારા પતિ બીજા લગ્ન કરવાનું વિચારી રહ્યા છે. આ બધું જોઈ, સાંભળીને મારું જીવન અસહ્ય બની ગયું.

આ દરમ્યાન એક એવી ઘટના બની કે જાણે મારા દુઃખ–દર્દનો અંત આવી ગયો. સમજો કે મારું નસીબ ખુલી ગયુ. એક દિવસ આરોગ્ય કાર્યકર બહેને એક દિવસની શિબિરમાં જોડાવાનો મને આગ્રહ કર્યો. મને પણ થયું કે ઘરના બંધિયાર વાતાવરણ અને સોગિયા માહોલમાંથી મને ઘડીક છૂટકારો થશે. તેથી હું શિબિરમાં જવા તૈયાર થઈ ગઈ. શિબિરમાં ઘણા સ્ટોલ હતા. એક સ્ટોલના બહેને અમને રમત રમાડી. ત્યારબાદ અમારામાંથી એક જણને લાલ રીબીન આપી અને બીજાને પીળી રીબીન બાંધી. લાલ રીબીન દીકરીનાં બીજનું પ્રતીક જયારે પીળી રીબીન દીકરાના બીજનું પ્રતીક. દરેક વ્યકિત, ભાઈ અને બહેન, બંનેમાં બે બીજ હોય છે. બહેનોમાં બંને બીજ દીકરીનાં હોય છે. જયારે ભાઈઓમાં જે બે બે બીજ હોય છે તેમાંનુ એક દીકરાનું અને બીજુ દીકરીનું હોય છે. ગર્ભાધારણ થતી વખતે બહેનનું એક બીજ અને ભાઈનુંએક બીજ જોડાય છે.

જયારે બે બીજો ભેગા થાય ત્યારે દીકરો કે દીકરી બેમાંથી શું જન્મશે તે નકકી થઈ જાય છે. ગર્ભધારણ વખતે માના શરીરમાંથી એક બીજ, જે દીકરીનું જ હોય છે તે ભાઈના બીજ સાથે જોડાય છે. હવે ભાઈનું બીજથી દીકરીનું હોય તો બંને બીજ દીકરીના હોવાથી દીકરીનો જન્મ થાય છે. પરંતુ જો ભાઈનું બીજ દિકરાનું હોય જે બહેનના દીકરીવાળા બીજ સાથે જોડાતા જ દીકરાનો જન્મ થાય છે. આમ બાળકની જાતિનો આધાર ગર્ભધારણ વખતે પિતાના કયા બીજ સાથે જોડાણ થયા છે એના પર છે. આ બાબત નથી માના હાથમાં કે નથી પિતાના હાથમાં. આ તો બધુ કુદરતના હાથમાં છે. માનો કે ભગવાન જ બધુ નક્કી કરે છે. ખરેખર અમે બહેનો જાતિ નકકી કરવા માટે કોઈપણ રીતે જવાબદાર નથી. પરિણામે અમારા ગામોમાં ઘણી બહેનોને માત્ર દીકરી ને જન્મ આપવાથી પતિ, સાસુ જેઠાણી તથા પડોશમાં અન્ય બહેનો એ બેનને મેણા ટોણા મારતા રહે છે. જેને લીધે બહેનનું જીવન દુઃખી દુઃખી થઈ જાય છે. પરંતુ અમે અભણ બહેનો બાળકોના લીંગ કેવી રીતે નકકી થાય છે તેનું વિજ્ઞાન સમજયા. અમને ભાન થયું કે, દીકરીને જન્મ આપવાનો હું ગુનેગાર નથી.

# મા શારદાને પ્રાર્થના



**હે મા શારદા,**

- અમને પ્રેરણા આપ જેથી કરીને અમે અમારા વ્યકિતગત જીવનમાં, અમારા કુટુંબની વ્યકિતઓમાં તેમજ સંસ્થામાં સાથે કામ કરતી વ્યકિતઓમાં એકબીજાના પૂરક બનીએ.
- અમારામાં જે માતૃભાવ છે તે અમારા લોહી માંસના બાળકો પ્રત્યે મર્યાદિત ન રહેતાં તેને વ્યાપક બનાવીને સંસારના ગરીબ અને સંઘર્ષોથી દુઃખી થઈ ગયેલા લોકો પ્રતિ વહેવડાવવાની શકિત અને સમજ આપ.
- અમારી જૂની પેઢી અને નવી પેઢીને પ્રેરણા આપ કે નવા કામો સોંપવાની અને સ્વીકારવાની તેમજ શીખવવામાં અને શીખવા માટે તત્પર બને જેથી ગામડામાં રહીને કામ કરવા નિષ્ઠાવાન અને કાર્યદક્ષ મહિલાઓની ખોટ પુરાઈ શકે.
- અમારામાં રહેલી સ્ત્રી સહજ મર્યાદાઓને અને નબળાઈઓને દૂર કરીને વ્યાપક સમાજ માટે અમે એકબીજાના પૂરક બનીને ખભેખભા મિલાવીને કામ કરી શકીએ એવી સદ્‌બુધ્ધિ આપ.
- સમાજમાં લગ્ન કે મૃત્યુ જેવા પ્રસંગો વખતે ઘર કરી ગયેલ પેઢી દર પેઢી ચાલી આવતા કુરિવાજોને બદલવાની સમજ આપ. દા. ત. મૃત શરીર ઉપર મોંઘીદાટ શાલ કે સાડી ઓઢાડીને મૃત શરીર સાથે બાળી દેવી વિગેરે.

**શારદા મહિલા વિકાસ સોસાયટી, સેવા રૂરલ, ઝઘડિયા - ૩૯૩ ૧૧૦, જી. ભરૂચ. ગુજરાત**